જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો
સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.
સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । મંગળવાર । તા. ૨૬-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વડાપ્રધાને દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકર રાષ્ટ્રને અર્પણ કર્યું

મોદી યાદ રહે કે ના રહે પણ સૈન્યની શૌર્યગાથા યાદ રહેવી જોઈએ: મોદી

બોફોર્સ અને અન્ય કૌભાંડનો સંબંધ એક પરિવાર સાથે હતો જે ઘણું કહે છે,આપણા દેશની સેના દુનિયાની સૌથી શક્તિશાળી સેનાઓમાંની એક,સૈનિકો સાથે અન્યાય થયો, ગત સરકાર માટે ફેમિલી પહેલાં હતી,૭૦ વર્ષથી મેમોરિયલની માગ કરવામાં આવતી હતી



ન્યુ દિલ્હી

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દેશનું પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સમારકનું લોકાર્પણ કર્યું છે. ભારત દેશ આઝાદ થયો ત્યારથી જ આ પ્રકારના સ્મારકની માગ ઉભી થઈ રહી હતી. જોકે હવે દેશની આ ઈચ્છઆ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ વાળી સરકારના રાજમાં પૂર્ણ થઇ છે. દિલ્હીના ઈન્ડિયા ગેટની સામે બનેલું આ સ્મારકમાં દેશમાં અત્યાર સુધીમાં થયેલા યુદ્ધમાં શહીદ થયેલા વીર જવાનોની યાદમાં બનાવવામાં આવ્યું છે.

આ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું ઉદ્ઘાટન કરવા માટે દેશના વડાપ્રધાન દિલ્હીના ઈન્ડિયા ગેટ પર પહોંચી ગયી છે. તેમની સાથે દેશના રક્ષામંત્રી નિર્મલા સીતારમણ પણ આ કાર્યક્રમમાં જોડાયા છે. સાથે જ મોટી સંખ્યામાં સેનાના અલગ-અલગ વિભાગના પૂર્વ સૈનિકો પણ આ કાર્યક્રમનો ભાગ બન્યા છે.

આ કાર્યક્રમમાં સેનાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જણાવે છે કે આપણી સેના દુનિયાની તાકતવર સેનાઓ માની એક સેના છે. સૈનિકો દ્વારા દરેક હુમલાનો વાર પોતાના પર લીધો અને તેનો વળતો જવાબ પણ આપ્યો. આ સીવાય સૈનિકોની બાહદૂરીના વખાણ કરવા સાથે જ તેમણે પુલવામા જિલ્લામાં થેયલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને પણ નમન કર્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે દેશમાં આ પ્રકારનું એક સ્મારક બનાવવા માટે છેલ્લા કેટલાક દશકોથી માગ ઉઠી રહી હતી. આ બાબતે એક-બે વાર પ્રયત્નો થયા પણ કોઈ ખાસ રંગ લાવી શક્યું નહીં. તેમણે આ સીવાય જણાવ્યું હતું કે લોકોના આર્શીવાદથી અમારી સરકાર સત્તામાં આવ્યા બાદ અમે આ સ્મારક બનાવવા માટેની પ્રક્રિયા શરૂ કરી અને આજે પરિણામ તમારી સામે છે. આ સંકલ્પથી સિદ્ધીનું પણ પ્રતીક છે. મોદીએ કોંગ્રેસનું નામ લીધા વગર ગત સરકાર પર નિશાન સાધ્યું હતું. તેઓએ કહ્યું કે સૈનિકોની સાથે ગત સરકારે અન્ય કર્યો કેમકે તેમના માટે માત્ર એક પરિવાર પહેલો હતો. આ કાર્યક્રમમાં સભાને સંબોધતા વડાપ્રધાન જણાવે છે કે પહેલા જે કામોને અસંભવ ગણાવામાં આવતા હતા, તેવા કામોને અમે સંભવ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ સીવાય વડાપ્રધાને દેશના લોકોની સેવા માટે એક નહીં, પરંતુ ત્રણ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ બનાવવાની પણ જાહેરાત કરી દીધી છે. વડાપ્રધાન મોદીએ આ કાર્યક્રમમાં સેનાને કેન્દ્રમાં લઈને જણાવ્યું હતું કે દેશની સેનાને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પણ અમારી સરકાર સતત કામ કરી રહી છે. આ સીવાય દેશની સુરક્ષાને લગતા પાયા એટલેકે સુરક્ષા ઉત્પાદનની કેટલીક ઈકો-સિસ્ટમમાં પણ પરિવર્તન લાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. આજે આખી દુનિયામાં ભારતીય સેનાને સન્માન મળી રહ્યુ છે. આ બાબતે વધુમાં વડાપ્રધાન જણાવે છે કે આપણા પ્રયાસોમાં દુનિયાના મોટા-મોટા દેશો આપણી સાથે ખભાથી ખભો સરખાવીને ચાલવા માગે છે આ જ કારણે વર્ષ ૨૦૧૬માં આપણા ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યૂમાં ૫૦ દેશની સેનાએ ભાગ લીધો હતો અને આજ કારણ છે કે આ બધા દેશો સુરક્ષાને લઈને રક્ષા સહયોગ કરવા માટે આગળ આવી રહ્યા છે.

મોદી ફરીથી વડાપ્રધાન બનશે તો અમે ઘુસણખોરોને દેશની બહાર કાઢીશું: શાહ

સિરસા/રોહતક

હરિયાણાની ૧૦ લોકસભા સીટોને ૨૦૧૯ની ચૂંટણીમાં ફતેહ કરવા માટે ભાજપે પોતે અધ્યક્ષ અમિત શાહે મોર્ચો સંભાળી લીધો છે. શાહે હિસારમાં સિરસા, રોહતક અને હિસાર લોકસભાના બુથ શક્તિ કેન્દ્ર કાર્યકર્તા સમ્મેલનને સંબોધિત કરતા તેમનામાં જોશ ભરવાનો પ્રયાસ કર્યો. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ દરમિયાન હરિયાણામાં પૂર્વમાં રહેલી હુડ્ડા અને ચોટાલા સરકાર સાથે સાથે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની પણ ઝાટકણી કાઢી હતી.

શાહે કહ્યું કે, ચોટાલાની સરકારમાં માર, હુડ્ડામાં ભ્રષ્ટાચાર થતો હતો. બંન્નેના ડરથી જનતાને ભાજપે મુક્ત કરવાનું કામ કર્યું છે. હરિયાણામાં એક પરિવાર ઉદ્યોગોને જમીન આપતો હતો, બીજો છીનવી લેતો હતો. જો કે ભાજપના સુશાસન આપતા માત્ર વિકાસ કરાવવાનું કામ કર્યું છે. શાહે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની પણ ઝાટકણી કાઢી હતી. ભાજપ નેતા અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસ એનઆરસી અને રામ મંદિર મુદ્દે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરે. ભાજપની નીતિઓમાં કોઈ જ પરિવર્તન નથી. અયોધ્યામાં તે જ સ્થળ પર ભવ્ય રામ મંદિર બનશે. શાહે કોંગ્રેસ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, શું કોંગ્રેસમાં સાહસ છે કે તે રામ મંદિરના મુદ્દે પોતાનું સ્ટેન્ડ સ્પષ્ટ કરી શકે. કોંગ્રેસ માત્ર સત્તા માટે પોતાના હિત સાધનારી અને ગોટાળાઓ કરનારી પાર્ટી છે. દેશમાં જે મોદીની વિરુદ્ધ ગઠબંધન બની રહ્યું છે, તે ભારતને વિશ્વમાં નામ અને દેશને વિકાસ આપી શકે નહી.



MARKET 4U™
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો
ક્યાં છે તે જાણવા
GPS ટ્રકિંગ
સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા
અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X


ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.
Mo. 7575006847

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement)
અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

બોટાદ એલ.સી.બી.એ વિદેશી દારૂના ગુન્હામાં સંડોવાયેલ આરોપીને પાસા એક્ટ હેઠળ અટકાયત કરી જેલ ભેગો કર્યો



અશોકકુમાર યાદવ,નાયબ પોલીસ મહાનિરીક્ષક ભાવનગર વિભાગ એ દારૂના ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત મુકવા સુચના કરેલ જે અનુસંધાને બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાઓએ બોટાદ કાઈમ બ્રાંચને દારૂના ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમોની યાદી તૈયાર કરી તેઓ વિરૂધ્ધ પાસા દરખાસ્ત મુકવા સુચના કરેલ જે અનુસંધાને બોટાદ કાઈમ બ્રાંચ દ્વારા ગઈ તારીખ ૧૬/૦૯/૨૦૧૮ ના રોજ આરોપી મંગળગીરી હરીગીરી ગોસ્વામી રહે. મોહન પાર્ક-૨ પાછળ ગોંડલ વાળાને અલગ અલગ બ્રાંડના ભારતીય બનાવટના વિદેશી દારૂ કિ.રૂ. ૨૦૯૩૫૫૨/- તથા ત્રણ વાહનો કિ.રૂ. ૧૨૦૦૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૫ કિ.રૂ. ૧૧૫૦૦/- મળી કુલ રૂપીયા ૩૩૦૫૦૫૨/- ના મુદામાલ સાથે પકડી પાળીયાદ પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.ર.નં. ૮૮/૨૦૧૮ પ્રોહી કલમ ૬૫(ઈ), ૯૮(૨), ૧૧૬(બી), ૮૧, ૮૩ મુજબ ગુન્હો દાખલ થયેલ જે આરોપી જામીન ઉપર મુક્ત થતા આ આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા જીલ્લા મેજીસ્ટ્રેટ સુજિતકુમાર નાઓએ પાસા અટકાયત વોરંટ ઈસ્યુ કરતા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસ ઈન્સપેકટર એચ.આર. ગોસ્વામી તથા એલ.સી.બી સ્ટાફના પો.હે.કોન્સ. લક્ષ્મણદેવસિંહ ચુડાસમા, જીજ્ઞેશભાઈ હસમુખભાઈ, પ્રવિણસિંહ બનેસિંહ, ભગવાનભાઈ શામળાભાઈ, રામદેવસિંહ દેવુભા, પો.હે.કોન્સ વનરાજભાઈ વિશુભાઈ તથા પો.કોન્સ. બળદેવસિંહ ફતેસિંહ, ક્રિપાલસિંહ દોલુભા, પુરવભાઈ પ્રવિણભાઈઓએ ગઈ તા. ૨૪/૦૨/૨૦૧૯ ના રોજ રાત્રીના મજકુર આરોપીના વોરંટની બજવણી કરી પાલારા (ભુજ) ખાસ જેલ ખાતે ધકેલી આપેલ છે.

વિવેકાનંદ સાયન્સ એકેડમી અને ન્યુ એરા વિદ્યાલય દ્વારા સયુંકત તૃતિય વિદાય અભિવાદન સમારંભ અને શહીદોને વિરાંજલિની ઉજવણી કરાઈ



વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિનું નિર્માણ થાય તે માટે મીણબત્તી પ્રગટાવીને ભારતદેશનો નકશો બનાવી શહીદોને વિરાંજલિ આપવામાં આવી હતી

ધો ૬ થી ૧૨નાં વિદ્યાર્થીઓએ સાંકૃતિક અને રાષ્ટ્રીય ભાવના ખિલવતા નાટક,માઈમ મુકાભિનય, રાસ, વગેરે કૃતિઓ રજૂ કરી હતી.તથા શહીદ જવાન માટે વિદ્યાર્થી અને શિક્ષક સ્ટાફ અને ટ્રસ્ટ મંડળે ૫૫૫૫૫ નું ફંડ ભંડોળ અર્પણ કરેલ.ધો ૧૨ માં અભ્યાસ કરતા સાયન્સ અને કોમર્સના વિદ્યાર્થીનો વિદાય અભિવાદન કાર્યક્રમ દરમ્યાન વર્ગ ૪નાં કર્મચારીઓ અને સંસ્થાને શાળા સંભારણું ભેટ સોગાત આપી વિદ્યાર્થીઓએ આપણી 'ગુરુ-દક્ષિણા' સંકૃતિને ઉજાગર કરી હતી.આ કાર્યક્રમ દરમ્યાન તમામ ટ્રસ્ટ મંડળનાં પરિવાર અને વિધાર્થીઓ તેમજ શિક્ષકગણે સમૂહમાં સંધ્યાભોજન લીધું હતું. વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષાનો હાવ દૂર થાય એ અનુસંધાને exame motivation કાર્યક્રમ વિજયભાઈ અમૂતિયા અને રામજીભાઈ સોનગરાએ તમામ કાર્યક્રમનું સુસંચાલન કરેલ. તેમજ મહેન્દ્રસિંહ પઢીયારની અધ્યક્ષામાં શિક્ષક સ્ટાફ સાથે રહીને કાર્યક્રમનું સ્ટેજ અને સાઉન્ડ સાથે જીવંત પ્રસારણ કરી આ કાર્યક્રમને સફળ બનાવ્યો.

મહુવા તાલુકાના ડુંડાસ ગામે સમસ્ત કોળી સમાજ આયોજિત

પ્રથમ લગ્નોત્સવમાં રક્તદાન કેમ્પ અને પોસ્ટર પ્રદર્શનનું આયોજન



આજ રોજ મહુવા તાલુકાના ડુંડાસ ગામે સમસ્ત કોળી સમાજ આયોજિત પ્રથમ લગ્નોત્સવમાં રક્તદાન કેમ્પ અને પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. સમાજની અંદર શિક્ષણનું પ્રમાણ વધે અને વ્યસનનું પ્રમાણ ઘટે અને સમાજના લોકો પોતાના આરોગ્યની કાળજી રાખે તેવા હેતુ સાથે આ પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. શિક્ષણ, વ્યસન, બેટી બચાવો બેટી પઢાઓ, કેન્સર, થેલેસેમીયા, એચ. આઈ.વી./ એઈડ્સ, દેહદાન, ચક્ષુદાન, અંગદાન, જેવા સંદેશાઓ સાથે પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. તથા રક્તદાન કેમ્પમાં બાંભણીયા બ્લડબેંક – ભાવનગર દ્વારા રક્તદાન કેમ્પ કરવામાં આવેલ. આ રક્તદાન કેમ્પમાં કુલ ૫૫ બોટલ રક્તદાન એકત્ર થયું હતું. બાંભણીયા બ્લડબેંક – ભાવનગર દ્વારા તમામ રક્તદાતાઓને પ્રોત્સાહક ભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન મકવાણા નરેન્દ્રભાઈ (સામાજિક કાર્યકર) દ્વારા કરવામાં આવ્યું હતું. અને આ કાર્યક્રમમાં સ્વયં સેવક તરીકે ગઢાદરા મયુરભાઈ, ગોહિલ સાગરભાઈ, મકવાણા મેહુલભાઈ પણ જોડાયા હતાં.

હળવદ તાલુકાના ભલગામડામાં જય વેલનાથ સમિતિ દ્વારા સમૂહલગ્ન યોજાયા



તાલુકાના ઠાકોર સમાજ દ્વારા પાંચમાં સમૂહ લગ્નોત્સવમાં ૨૪ નવદંપતિએ પ્રભુતામાં પગલા પાડ્યા

હળવદ તાલુકાના ભલગામડા ગામે જય વેલનાથ સમિતિ દ્વારા આયોજિત ઠાકોર સમાજના પાંચમાં સમૂહ લગ્નોત્સવ યોજાયા હતા. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાસંદ તેમજ ગુજરાતી ફિલ્મોના કલાકારો અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં ૨૪ નવદંપતિએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. તો તમામ દિકરીઓને દાતાઓ દ્વારા કરીયાવરમાં ભેટ-સોગાદો આપવામાં આવી હતી.

જય વેલનાથ સમૂહ લગ્ન સમિતિ દ્વારા ઠાકોર સમાજના પાંચમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન હળવદ તાલુકાના ભલગામડા ખાતે કરવામાં આવ્યું હતું. ભલગામડામાં યોજાયેલ પાંચમાં સમૂહ લગ્નમાં સુરેન્દ્રનગર તેમજ મોરબી જિલ્લાના ઠાકોર સમાજના આગેવાનો, હોદ્દેદારો તેમજ મહાનુભાવોએ ૨૪ દિકરીઓને આર્શિવચન પાઠવ્યા હતા તો સાથોસાથ સુરેન્દ્રનગર જિલ્લાના સાંસદ દેવજીભાઈ ફતેપુરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મના કલાકાર અલ્કા જોષી અને જુનિયર નરેશ કનોડીયા (શામજીભાઈ)એ ખાસ હાજરી આપી સમૂહ લગ્નોત્સવમાં શોભાની અભિવૃદ્ધિ કરી હતી. તેમજ નવ પરણીત કન્યાઓને કરીયાવરમાં સોના-ચાંદી સહિત ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. તો સાથો સાથ આ સમુહલગ્નમાં નવ દંપતિ સહિત અગ્રણીઓ, યુવાનો સહિત બહોળી સંખ્યામાં લોકોએ પુલવામા શહિદ થયેલા વીર જવાનોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે હળવદ તાલુકાના ભલગામડા ગામે ઠાકોર સમાજના યોજાયેલ પાંચમાં સમૂહ લગ્નોત્સવમાં ૨૪ નવ દંપતિઓને આર્શીવાદ આપવા ઠાકોર સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવા જય વેલનાથ સમુહ લગ્ન સમિતિના પ્રમુખ નવઘણભાઈ ઉડેચા સહિત આયોજકોએ જહેમત ઉઠાવી હતી.

રેસ્ટ ઓફ વેલીયન્ટના ક્રિકેટરે મહુવા સ્થિત વિપુલ નારીગરા ક્રિકેટ ક્લબ બેલુર વિદ્યાલયમાં કરી વિઝિટ



મહુવા ની બેલુર વિદ્યાલય ભણતર તથા રમત ગમત ક્ષેત્રે પોતાનું ખુબજ મહત્વ પૂર્ણ યોગદાન આપી રહી છે બેલૂર વિદ્યાલય માં ચાલતા વિપુલ નારીગરા ક્રિકેટ કલબ જે કલબ નું ઉદ્ઘાટન ભારતીય ટિમ ના દિગજ્જ અને ક્રિકેટ વર્લ્ડ કપ માં પ્રથમ હેટ્રિક લેનાર ચેતન શર્મા ના હસ્તે થયું હતું ક્રિકેટ માં સારી એવી ખ્યાતિ મેળવ્યા બાદ વિપુલ નારીગરા ને ગુજરાત ની પબ્લિક દ્વારા ખુબજ સારો રીસ્પોન્સ મલી રહ્યો છે, અને તેને તેના વતન ની નજીક માં આવેલ બેલૂર વિદ્યાલય સાથે મળીને સેવાકીય રીતે વિપુલ નારીગરા ક્રિકેટ કલબ બનાવ્યું જે આજે સારા એવા ક્રિકેટર્સ આપવાની હોડ માં છે ગત મહિને ક્રિકેટ કલબ ના ૫ ટેલેન્ટેડ ક્રિકેટર ને ઈન્ડિયાના ક્રિકેટર સુરીન્દર ખન્ના સર ના સ્પેશિયલ કેમ્પ માટે સિલેક્ટ થયા હતા,અને હાલ ૭ દિવસ ના કોચિંગ સેસન માટે સુરત ના ઉભરતા ક્રિકેટર જે હાલ માજ રેસ્ટ ઓફ વેલીયન્ટ ટિમ માં સિલેક્ટ થયેલા નીતિન ચૌધરી આવેલ અને કલબ ક્રિકેટરો ને ટિપ્સ આપી હતી.

હળવદની સરદાર પટેલ વિદ્યા સંકુલમા 'મેરા દેશ બદલ રહા હૈ' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો



હળવદની સરદાર પટેલ વિદ્યા સંકુલ વાર્ષિકોત્સવ ઉજવાયો : ઈનામવિતરણ કાર્યક્રમ સંપન્ન

હળવદ ની નામાંકિત શૈક્ષણિક સંસ્થા શ્રી સરદાર પટેલ વિદ્યા સંકુલ માં ૨૪,૨ રવિવાર ની સંધ્યાએ વાર્ષિક ઈનામ વિતરણ અને મેરા દેશ બદલ રહા હૈ વિષય પર એક વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવવામાં આવ્યો કાર્યક્રમમાં અતિથિ વિશેષ નુ સ્થાન હળવદના નામાંકિત ઉદ્યોગપતિ જશુભાઈ પટેલ અને નગરપાલિકા પ્રમુખ અજય ભાઈ રાવલ ધારાશાસ્ત્રી એસ ,આર ઝાલા તથા હસુભાઈ વરમોરા અને ગુંજન શાહ સાહેબ શોભાવ્યું હતું સાથે ટ્રસ્ટી ઓ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની શરૂઆતમાં વીર શહીદોને બે મિનિટ નું મૌન વ્રત પાડી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી ત્યારબાદ અતિથિ વિશેષ ના હસ્તે દીપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવી બચપણ પ્લે સ્કૂલ સરદાર પટેલ વિદ્યા વિદ્યાલય અને સરદાર પબ્લિક સ્કૂલ (અં ,મા) ના ભાઈઓ-બહેનોને વર્ષ દરમિયાન યોજાયેલ પ્રત્યેક સહ અભ્યાસિક પ્રવૃતિમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર ૧૨૧ વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ગણેશ વંદન સાથે શુભારંભ કરી જીવનના જુદા જુદા રસ જેવા કે શુંગાર શોર્ય કરુણ હાસ્ય વગેરે વિવિધ કૃતિઓ દ્વારા સાબિત કર્યું કે મેરા દેશ બદલ રહા હૈ એકલવ્ય ગુરુકુળના વિદ્યાર્થીઓએ યોગો અને આર્મીની થીમ દ્વારા વાલી શ્રી ઓને મંત્રમુગ્ધ કરી મુક્યા હતા બચપણ ના નાના ભૂલકાઓથી માંડીને ધોરણ બહારના વિદ્યાર્થી ભાઈઓ બહેનોએ પોતાની સુંદર કલા દ્વારા તમામ લોકોને આકર્ષિત કર્યા હતા આ કાર્યક્રમમાં હળવદ તાલુકા અને બહારગામથી તેમજ હળવદ ના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા સાથે વાલીશ્રીઓને શરૂઆતથી અંત સુધી કાર્યક્રમમાં મંત્રમુગ્ધ બની માણ્યો હતો સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુલ ૩૨૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો અને આ કાર્યક્રમ ટ્રસ્ટીશ્રી ઓ શિક્ષક ગણ ભારે જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

લગ્નના બીજા દિવસે લૂંટેરી દુલ્હન નાસી જતા દુલ્હાનો આપઘાત

ગીર-સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના આમોદ્રા ગામે લગ્નના બીજા દિવસે જ લૂટેરી દુલ્હન નાસી જતા તેનાથી લાગી આવતા દુલ્હાએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. જ્યારે સ્વજનો દ્વારા દલાલને પકડવાની માંગ સાથે આંદોલન કરવાની ફરજ પડી છે. આ યુવાનના આપઘાતથી ઘટનામાં પોલીસે આઠ શખ્સો સામે ફરિયાદ દાખલ કરતા જે આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. તે સમેટી લેવામાં આવ્યું હતું. અને મૃતદેહનો સ્વીકાર કરવામા આવ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે આમોદ્રા ગામમાં દલિતવાસમાંવિધવા માતા જાહીબેન સાથે રહેતા ૨૪ વર્ષીય બાબુભાઈ સીદીભાઈ ઉ.વ.૨૪ મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો હતો. બાબુભાઈના લગ્ન થતા ન હોવાથી તેથી ગરાળ ગામે ગોરપદાનું કામ કરતા ભાણભાઈ અમરાભાઈ સાથે સંપર્ક કરી લગ્ન કરવાનું કહેતા રૂ. બે લાખમાં લગ્ન કરાવી આપવાનું નક્કી થયું હતું.

જે પૈકી રૂ.૬૦,૦૦૦ આપી દેવામાં આવ્યા હતા. ભાણાભાઈ ગત.૨૧-૨ના રોજ મહારાષ્ટ્રની ઉપ વર્ષીય શોભનાબેનને લઈ મહિલા દલાલ હસીના મમતા સાથે આવેલી અને આમોદ્રા ગામે સાદાઈથી લગ્ન કરવામાં આવ્યા હતા.

બાદમાં તા.૨૨મીએ ઉના ખરીદી કરવા જવું છે તેમ કહેતા બાબુ અને શોભના ઉના ખીદી કરવા ગયા હતા. ઉના એસટી બસ સ્ટેશનમાં બાથરૂમ કરવા જઉ છું તેમ કહી ગુમ થઈ જતા શોધવા છતાં નહીં મળતા મનમાં લાગી આવ્યું હતું.

આજે અડધા રાજકોટમાં પાણીકાપ રહેશે

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન અંતર્ગત ન્યારા પમ્પીંગ સ્ટેશન પર નવી સ્ટેન્ડ બાય મશીનરી ઈન્સ્ટોલ કરવાનુ હોવાથી, ન્યારા ઓફ ટેક આધારીત રેલનગર (વોર્ડ નં. ૦૩ પાર્ટ), બજરંગવાડી (વોર્ડ નં. ૦૨ પાર્ટ, ૦૩ પાર્ટ), મવડી (૧૨-૩૦ પછીના વિસ્તારો વોર્ડ નં. ૮ પાર્ટ, ૧૦ પાર્ટ, ૧૧ પાર્ટ, ૧૩ પાર્ટ), ચંન્દ્રેશનગર (વોર્ડ નં. ૮ પાર્ટ, ૧૧ પાર્ટ, ૧૩ પાર્ટ), રીંગ રોડ (વોર્ડ નં. ૯ પાર્ટ, ૧૦ પાર્ટ), તથા રૈયાધાર (ગાંધીગ્રામ અને ૧૫૦ ફૂટ રીંગ રોડ હેઠળ આવતા, વોર્ડ નં. ૦૧ પાર્ટ, ૦૨ પાર્ટ, ૦૯ પાર્ટ, ૧૦ પાર્ટ) પર મંગળવારે રોજ પાણી વિતરણ બંધ રહેશે, તેમજ સોજીત્રાનગર હેડ વર્કસ પરથી (વોર્ડ નં. ૦૨ પાર્ટ, ૦૮ પાર્ટ)માં લો – પ્રેશરથી પાણી મળશે.

રાજકોટ શહેરમાં પાણી ચોરીની પ્રવૃત્તિ અટકાવવા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર બંછાનિધિ પાનીના આદેશ અનુસાર ગેરકાયદેસર નળ કનેક્શન અને ડાયરેક્ટ પમ્પીંગ કરતા આસામીઓને ત્યાં રાજકોટ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાની ટીમ દ્વારા સોમવારે શહેરના વોર્ડ નં. ૦૯ માં આવેલું. સોસાયટીઓમાં ચેકિંગ કરવામાં આવેલ હતું. ચેકિંગ દરમ્યાન ત્રણ ગેરકાયદેસર નળ કનેક્શન અને ચાર ડાયરેક્ટ પમ્પીંગ કરતા આસામીઓ પકડાયેલ અને તેમને નોટીસ આપવામાં આવી હતી.

વોર્ડ નં. ૦૯ માં આવેલ માધવપાર્ક, વિશ્વકર્મા સોસાયટી અને નટરાજનગરમાં ચેકિંગ દરમ્યાન ત્રણ આસામીઓને ત્યાંથી ગેરકાયદેસર નળ કનેક્શન મળી આવેલ હતા, (૧) બાબીબેન બારાઈ, (૨) છેલાભાઈ અને (૩) સુખાભાઈ બાંભવા, ત્રણેય આસામીઓના ગેરકાયદેસર નળ કનેક્શન કપાત કરવામાં આવ્યા હતા. તેમજ વોર્ડ નં. ૦૯ માં આવેલ માધવપાર્ક શેરી નં.૧ અને ૨ના એરિયામાં પાણી ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમ્યાન ચાર આસામીઓને ત્યાંથી ડાયરેક્ટ પમ્પીંગ કરતા પડાયેલ હતા. (૧) દિલીપભાઈ સભાયા, (૨) રણછોડભાઈ ખાંદર, (૩) જ્યોત્સનાબેન ચોટલીયા અને (૪) ચતુરભાઈ સક્રિય. તમામ આસામીઓને નોટીસ આપી રૂ. ૮,૦૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

મોરબીમાં વધુ એક હનીટ્રેપ : જીકિયારીના ત્રણ યુવાન ફસાયા

ગઈકાલે રાત્રીના ચાર શખસોએ સુંવાળા સંગાથમાં નગ્ન વિડીયો ઉતારી દોઢ લાખ માંગતા મામલો એલસીબી સુધી પહોંચ્યો : હળવદ પંથકના પોલીસ સ્ટેશના લોકરક્ષકની સંડોવણી એલસીબી ટીમે ગુન્હો નોંધી ગુન્હામાં વપરાયેલ એસેન્ટ કાર કબ્જે લીધી : આરોપીઓ હાથવેંતમાં

હળવદઃ મોરબી જિલ્લામાં હનીટ્રેપની જાણે મોસમ ખીલી હોય તેમ એક પછી એક ચોકવનારી ઘટનાઓ બની રહી છે ત્યારે મોરબી તાલુકાના જીકિયારી ગામે કાકા – ભત્રીજા અને અન્ય એક વ્યક્તિને લલના સાથેનો સંગાથ મોંઘો પડી ગયો છે, ચાર શખ્સોએ ભોગ બનનાર ત્રણ વ્યક્તિના નગ્ન વિડીયો ઉતારી લઈ દોઢ લાખની માંગ કરી ઢોર માર મારતા ભોગબનનારે મોરબી એલસીબી ટીમના પીઆઈ આર.ટી.વ્યાસનો સમ્પર્ક કર્યો હતો જ્યાં યુવકે ડરતાં ડરતાં બનાવની સમગ્ર હકીકત જણાવી હતી જેમાં એલસીબી ના પીએસીઆઈ આર.ટી. વ્યાસને આ ઘટનાક્રમમાં હળવદના એક પોલીસ કર્મી એલઆરડીની સંડોવણી હોવાનું બહાર આવી હતી જેમાં બનાવ ની ગંભીરતાને ધ્યાને રાખી એલસીબી ટીમે મોડીરાત્રે તમામ ચાર આરોપીઓ વિરૂદ્ધ ગુન્હો દાખલ કરી ગુન્હામાં વપરાયેલ એસેન્ટ કાર કબ્જે કરી છે અને આરોપીઓ પણ હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે.

જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલે તા. ૨૩ ના રોજ મોરબી તાલુકાના જીકિયારી ગામે શબાબના શોખીન મિત્ર જેવા કાકા – ભત્રીજા અને અન્ય એક મિત્રએ રૂપિયા બબ્બે હજાર પ્રતિ વ્યક્તિ દીઠ ચૂકવી યુવતી સાથે રંગરેલીયા મનાવી હતી પરંતુ કરમની કઠણાઈ કે આ લલના કમ યુવતીએ ત્રણેયને લૂંટવા આગાઉ કારસો ઘડી કાઢ્યો હોય ક્ષણિક સંબંધ પૂરો થતાં જ પ્રિ – પ્લાન મુજબ ચાર હટાકટ્ટા શખસો જ્યા રંગરેલીયા મનાવવામાં આવી હતી તે વાડીમાં એસેન્ટ કારમાં આવી પહોંચ્યા હતા.

બીજી તરફ ક્ષણિક સુખ ભોગવનારા ત્રણેયની હાલત કફોડી બનતા હનીટ્રેપમાં શિકાર બરાબરનો ફસાયનું જણાતા ત્રણેયના કપડાં કઢાવી વિડીયો ઉતારી લઈ આમાં તો બળાત્કારનો કેસ થાય તેવી ધમકી આપી જીકિયારીના ત્રણેય શોખીન પાસેથી લાખ – લાખ આપવા પડે તેવી ધમકી આપી રકઝકના અંતે દોઢ લાખમાં સેટિંગ કરી ભોગ બનનારને મોબાઈલ નંબર આપી સવાર સુધીમાં પૈસા આપવા અલ્ટીમેટમ આપી વાડીની ઓરડીમાં બેફામ માર માર્યો હતો.

દરમિયામ આજે રવિવારે ભોગ બનનાર નાણાં ભેગા કરી ન શકતા ચંડાળ ચોકડીએ સાંજ સુધીમાં પૈસા ન મળે તો વિડીયો ફરતો કરી દેવા ધમકી આપતા સમગ્ર મામલો મોરબી એલસીબી સુધી પહોંચ્યો હતો અને એલસીબીના પીએસીઆઈ આર ટી વ્યાસે આ ગંભીર બનાવ મામલે ત્વરિત કાર્યવાહી કરી ગુન્હામાં ઉપયોગમાં લેવાયેલ એસેન્ટ કાર કબ્જે કરી લીધી છે અને આરોપીઓ પણ હાથવેંતમાં હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

અત્યંત સુમાહિતગાર વર્તુળોના જણાવ્યા મુજબ આ ચકચારી હનીટ્રેપ કાંડમાં હળવદ પોલીસમાં ફરજ બજાવતા એલઆરડી એટલે કે લોકરક્ષક તરીકે ફરજબજાવતા દિવ્યરાજસિંહ ઝાલા ઉર્ફે કાનભા ઝાલાનું નામ બહાર આવ્યું છે અને અન્ય ત્રણ શખસો રણમલપુર પંથકના હોવાનું તેમજ સુવાળો સંગાથ આપનાર યુવતી ચરાડવા પંથકની હોવાનું અને આ અગાઉ પણ ક્ષણિક સુખના શોખીનોને આ ટોળકીએ ફસાવ્યા હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. બીજી તરફ મોરબીના જીકિયારીના આ ચકચારી બનાવને લઈ હળવદ પંથકમાં તરેહ – તરેહની ચર્ચાઓ ઉઠી છે અને તોડબાજ ચંડાળ ચોકડીએ ગઈકાલે શરાબની મહેફિલ માંડતા આ ભાંડો ફૂટ્યાનું પણ ચર્ચાઈ રહ્યું છે તેમજ આ ટોળકી એ અગાઉ પણ આ રીતે પાંચ થી છ હનીટ્રેપને અંજામ આપ્યાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે ત્યારે પોલીસે અન્ય કોઈ સાથે આ લોકો સાથે આ રીતે ગુનો કર્યો હોય તો આગળ આવવા માટે અનુરોધ કર્યો છે સાથે જ તેનું નામ ગુપ્ત રખવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું છે.

જો કે મોરબી એ ડિવિઝનમાં પણ આ રીતની એક ત્રિપુટી સક્રિય છે જે દારૂની મહેફિલ માણતા નબીરાઓ કે પછી જ્યાં મલાઈ મળે ત્યાં પહોંચી જાય છે જો કે તેઓને પરચુરણ કામ માં રાખવામાં આવ્યા છે એમ છતાં પોતે ડી સ્ટાફ માં છે કહી તોડ કરે છે જે નવા લોકરક્ષક તરીકે જ ફરજ બજાવતા હોવાનું સૂત્રો માંથી જાણવા મળ્યું છે ઉપરોક્ત બનાવમાં એસલીબી અને તાલુકા પોલીસે દૂધનું દૂધ અને પાણી નું પાણી કરવા કવાયત હાથ ધરી છે.

કાર ડિવાઈડર સાથે અથડાઈ: ચારનાં મોત, પાંચ ઘાયલ

દમણ

વાપી નજીક આવેલા કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાર અકસ્માતની ગોઝારી ઘટના બની છે. આ અકસ્માતમાં એક સાથે ચાર યુવકોના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા. જેના પગલે પરિવારજનોમાં શોકનો માહોલ ફેલાયો હતો. આ અંગે જાણ થતાં દમણ પોલીસ ઘટના સ્થળે પહોંચીન આગળની તપાસ હાથધરી હતી.

મળતી માહિતી પ્રમાણે દમણના પાતલિયા પાસે રાત્રે એક કાર પસાર થઈ રહી હતી. ત્યારે કાર ચાલકે સ્ટેયરિંગ ઉપરથી કાબુ ગુમાવતા કાર ડીવાયડર સાથે અથડાઈ હતી. જેના પગલે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અને કારના ભુક્કા બોલાઈ ગયા હતા. અકસ્માતમાં ચાર યુવકોના મોત નીપજ્યા હતા જયારે ૫ યુવકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો આવી પહોંચ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સુત્રોના જણાવ્યા પ્રમાણે કારમાં વલસાડના પારડી તાલુકાના નવ યુવકો સવાર હતા. જે પૈકી ચાર યુવકોના ઘટના સ્થળે મોત નીપજયા હતા. દમણ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની મૃતદેહોને પોસ્ટમોર્ટમાં મોકલી આપવા સહિતની કાર્યવાહી હાથધરી હતી.

ચૂંટણી ટાણે મોદી જવાનોનાં મૃતદેહો પર રાજકારણ રમે છેઃ મમતા બેનર્જી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર આક્ષેપ કરતા કહ્યું કે, મોદી સરકારે પાસે ખુફિયા માહિતી હતી કે, જવાનો પર આતંકવાદી હુમલો થવાનો છે પણ સરકારે આ માટે ખાસ કાંઈ કર્યુ નહીં અને હવે જવાનોનાં મૃતદેહો પર રાજકારણ રમે છે. તૃણમુલ કોંગ્રેસની કોર કમિટિને સંબોધિત કરતા મમતા બેનર્જીએ કહ્યું કે, તાનાશાહ નરેન્દ્ર મોડીને સત્તામાંથી ઉખાડીને રહીશું. મમતા બેનર્જીએ એવો દાવો કર્યો કે, આગામી લોકસભા ચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસ બંગાળની ૪૨ લોકસભા બેઠકો જીતી જશે.

મમતા બેનર્જીએ વધુમાં આક્ષેપ કરતા કહ્યું કે, કેન્દ્ર સરકાર પાસે માહિતી હતી કે જવાનો પર આતંકવાદી હુમલો થવાનો છે. તો શા માટે આ માહિતીનાં આધારે કોઈ પગલા લીધા નહીં ? અને જવાનોની જિંદગી બચાવી નહીં ? સરકારે આ જવાનોને મરવા દીધા. જેથી કરીને તેના પર રાજકીય રોટલા શેકી શકાય. બેનર્જીએ વધુમાં ઉમેર્યુ કે, આગામી લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકાર યુદ્ધનું વાતાવરણ ઉભુ કરવા માંગે છે અને તેનો ચૂંટણીમાં લાભ લેવા માંગે છે. મમતા બેનર્જીએ નરેન્દ્ર મોદી અને ભાજપનાં પ્રમુખ અમિત શાહ પર આરોપ લગાવ્યો કે, તેઓ બંને ભાઈઓ જ આ સરકાર ચલાવે છે. આ લોકોનાં હાથ નિર્દોષ લોકોનાં લોહીથી રંગાયેલા છે.

શહીદોનાં પરિવારજનોને ન્યાય મળે તે માટે વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખાયા

ગાંધીનગર

દેશના શહીદ થઈ રહેલા જવાનોને તથા તેના પરિવારજનોને ન્યાય મળે તે હેતુથી વડાપ્રધાનને પોસ્ટકાર્ડ લખવાની શરૂઆત ગુજરાતમાંથી થઈ છે. મીરજાપુરમાં આવેલ હેડ પોસ્ટ ઓફિસ ખાતેથી મોટી સંખ્યામાં પોસ્ટ કાર્ડ મોકલ્યા હતા. પોસ્ટ કાર્ડમાં લખ્યું છે કે માત્ર વાતો કરીને જ શહીદ જવાનોનું સન્માન કરવામાં આવે છે પરંતુ વાસ્તવમાં તેમને કે તેમના પરિવારજનોને ખાસ કોઈ લાભ અપાતો નથી.

ગુજરાતના શહીદોને એક કરોડ રૂપિયાની સહાય આપવાની માગણી પણ કરાઈ છે. ઉપરાંત સાંસદો અને ધારાસભ્યોની જેમ શહીદ જવાનોને પણ જૂના પેન્શન યોજનાનો લાભ આપવામાં આવે સરકારી નોકરીઓમાં પણ પૂર્વ સૈનિકોને ફિક્સ પગારથી નહીં પરંતુ પુરુ નામ પગારથી નોકરી આપવી જોઈએ એક્સ આર્મી મેનને તેમના વતનમાં નોકરીએ રાખવા જોઈએ જવાનોની સાથોસાથ હોમગાર્ડ અને ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલોને પણ માનદ વેતન નહીં પરંતુ મહિને ૨૧ હજાર રૂપિયાનો પગાર આપવો જોઈએ.

લોકસભાના સાંસદો અને વિધાનસભાના ધારાસભ્ય અમારા માટે ખાસ નથી પરંતુ દેશના જવાનો અમારા માટે સ્પેશિયલ છે. પોતાનો જાન હથેળીમાં લઈને ફરતા અને દેશની સુરક્ષા કરતા જવાનો અને તેમના પરિવારજનોને સરકાર ન્યાય આપવો જોઈએ. આગામી દિવસોમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી વડાપ્રધાનને આ રીતે પોસ્ટકાર્ડ લખવામાં આવશે. ફિક્સ પગારની સરકારની નીતિ સામે વર્ષોથી લડત આપી રહેલા ગુજરાત રાજ્ય જાગૃતિ મંચ દ્વારા અભિયાન શરૂ કરાયુ છે.

'ગ્રીન બુક' શ્રેષ્ઠ ફિલ્મ, રેમી મલેક બેસ્ટ એક્ટર

ઓસ્કર ૨૦૧૯: ભારતીય ફિલ્મ 'પિરિયડ' બેસ્ટ ડોક્યુમેન્ટરીથી સમ્માનિત

લોસ એન્જલ્સ

ફિલ્મ જગતના સૌથી મોટા એવોર્ડ શો ઓસ્કર ૨૦૧૯ના વિજેતાઓની ઘોષણા થઈ ગઈ છે. કેલિફોર્નિયાના ડોલ્બી થિએટરમાં ૯૧માં ઓસ્કર એવોર્ડ સમારોહનું આયોજન કરાયું હતું. જ્યાં ફિલ્મ જગતમાં અદ્ભૂત પ્રદર્શન માટે જુદી-જુદી શ્રેણીમાં કલાકારોને સમ્માનિત કરવામાં આવ્યા હતા. આ વખતના ઓસ્કર એવોર્ડ્સમાં ભારતનું નામ પણ ચમક્યું

ભારત પર આધારિત ફિલ્મ 'પીરિયડ. એન્ડ ઓફ સેન્ટેન્સ'એ ડોક્યૂમેન્ટરી શોર્ટ સબ્જેક્ટ કેટેગરીમાં ઓસ્કર જીત્યો છે. આ ફિલ્મ ભારતમાં સ્ત્રીઓનાં માસિક ધર્મને લગતી માન્યતાઓ પર આધારિત છે. ફિલ્મનાં ડાયરેક્ટર રાયકા જેતાબચી અને નિર્માતા છે ગુનીત મોંગા, જે ભારતીય છે. ગુનીત મોંગાએ અમુક સારી ફિલ્મો બનાવી છે. જેમાં 'મસાન' અને 'લંચબોક્સ' ફિલ્મોનો સમાવેશ થાય છે.


ગુનીત મોંગાએ ઓસ્કર એવોર્ડ જીત્યાના સમાચાર બાદ બોલીવૂડમાં આનંદ છવાઈ ગયો છે. 'મસાન' ફિલ્મની અભિનેત્રી રિચા ચઢ્ઢા, દિગ્દર્શક અનુરાગ કશ્યપ, ઓસ્કરવિજેતા સંગીતકાર એ.આર. રેહમાને ટ્વીટ કરીને મોંગાને અભિનંદન આપ્યા છે.

ભારતે બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મ માટે મોકલેલી ફિલ્મ 'વિલેજ રોકસ્ટાર્સ' અગાઉથી જ ઓસ્કરની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ હતી. આ ઉપરાંત ફિલ્મ રોમાના ડિરેક્ટર અલફોન્ઝો ક્યુરોને એક સાથે ત્રણ ઓસ્કર મેળવ્યા છે, બેસ્ટ ડિરેક્ટર, બેસ્ટ સિનેમેટોગ્રાફી અને બેસ્ટ ફોરેન ફિલ્મનો ઓસ્કર તેમણે મેળવ્યો હતો.

ઓસ્કર ૨૦૧૯ના વિજેતાઓની યાદી:

બેસ્ટ એક્ટરઃ રામી મલેક (બોહેમિયન રાપ્સોડી)

બેસ્ટ એક્ટ્રેસઃ ઓલિવિયા કોલમેન (ધ ફેવરિટ)



બેસ્ટ ફોરેન લેંગ્વેજ ફિલ્મઃ રોમા (મેક્સિકો)

બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસઃ રેજિના કિંગ (ઈફ બીલ સ્ટ્રીટ કુડ ટોક)

બેસ્ટ સપોર્ટિંગ એક્ટરઃ મહેરશાલા અલી (ગ્રીન બુક)

બેસ્ટ એનિમેટેડ ફીચર ફિલ્મઃ સ્પાઈડર-મેનઃ ઈન્ટુ ધ સ્પાઈડર-વર્સ

બેસ્ટ ઓરિજિનલ સ્ક્રીનપ્લેઃ ગ્રીન બુક

બેસ્ટ અડેપ્ટેડ સ્ક્રીનપ્લેઃ બ્લેકક્લાન્સમેન

બેસ્ટ ડોક્યુમેન્ટરી ફીચરઃ ફ્રી સોલો

બેસ્ટ લાઈવ એક્શન શોર્ટઃ સ્કિન

બેસ્ટ એનિમેટેડ શોર્ટઃ બાઓ

બેસ્ટ સિનેમેટોગ્રાફીઃ આલ્ફોન્સો ક્યુરોં (રોમા)

બેસ્ટ પ્રોડકશન ડિઝાઈનઃ બ્લેક પેન્થર

બેસ્ટ કોસ્ટ્યૂમ ડિઝાઈનઃ રૂથ કોર્ટર (બ્લેક પેન્થર)

બેસ્ટ હેર એન્ડ મેકઅપઃ વાઈસ

બેસ્ટ સાઉન્ડ એડિટિંગઃ બોહેમિયન રાપ્સોડી

બેસ્ટ સાઉન્ડ મિક્સિંગઃ બોહેમિયન રાપ્સોડી

બેસ્ટ સોંગ : શેલો (એ સ્ટાર ઈઝ બોર્ન)

બેસ્ટ વિઝ્યુઅલ ઈફેક્ટ્સઃ ફર્સ્ટ મેન

બેસ્ટ એડિટિંગઃ બોહેમિયન રાપ્સોડી

ફાયર બ્રિગેડના તમામ કર્મચારી ૨૮મીએ માસ સીએલ પર ઊતરશે

અમદાવાદ

ગત શનિવારની સવારથી મ્યુનિસિપલ મુખ્યાલય પરિસરના શિવમંદિરની બહાર ફાયર બ્રિગેડમાં સબ ઓફિસરની જગ્યાને સિનિયોરીટી મુજબ ભરવાની માગણી સાથે અન્નજળનો ત્યાગ કરીને અચોક્કસ મુદતની હડતાળ પર ઊતરેલા નોકર મંડળના પ્રમુખના સમર્થનમાં આગામી તા.૨૮ ફેબ્રુઆરીએ ફાયર બ્રિગેડનો સ્ટાફ એક દિવસની માસ સીએલ પર ઊતરશે. ગઈ કાલે સબ ઓફિસરની પરીક્ષાના બહિષ્કાર બાદ આ આંદોલન વધુ ઉગ્ર બનતું જાય છે.

મ્યુનિસિપલ ફાયર બ્રિગેડ વિભાગમાં સબ ઓફિસરની જગ્યા સિનિયોરીટીથી ભરવાના મામલે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સબ ઓફિસરની પરીક્ષાનો બહિષ્કાર ફાયર બ્રિગેડના ૨૪૪ જવાનોએ કરતાં પોલીસે તેમની અટકાયત કરાઈ હતી, જોકે ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા વધારાનો ચાર્જ છોડી દેવાતાં આ કોકડું વધુ ગૂંચવાયું છે.

દરમ્યાન નોકર મંડળના પ્રમુખ દેવકરણ સાબરિયાએ અન્નજળ ત્યાગ કરીને શરૂ કરેલી ભૂખ હડતાળનો આજે ત્રીજો દિવસ છે. તેમની ભૂખ હડતાળ છોડાવવા મ્યુનિસિપલ હોદ્દેદારો કે ઉચ્ચ અધિકારીઓ આવે તેવી શક્યતા નહીંવત્ છે. ખુદ દેવકરણ સાબરિયા કહે છે, ફાયર બ્રિગેડનો હવાલો સંભાળતા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મૂકેશ ગઢવી કે ચીફ ફાયર ઓફિસર એમ.એફ. દસ્તૂર દ્વારા મારી તબિયત અંગે પૂછપરછ કરવાની તસ્દી લેવાઈ નથી, જોકે આ આંદોલન વધુ ઉગ્ર બનશે તેમ જણાવતાં તેઓ વધુમાં કહે છે, આગામી તા.૨૮મીએ ફાયર બ્રિગેડનો સ્ટાફ એક દિવસની માસ સીએલ પર ઊતરશે, જેમાં તંત્રના અન્ય વિભાગનો સ્ટાફ પણ જોડાય તેવી શક્યતા છે.

સુરતમાં ૬ સ્થળેથી જુગાર રમતા ૩૮ લોકો ઝડપાયા

રોકડ મળી કુલ રૂા. ૧,૩૩,૪૧૦નો મુદ્દામાલ જપ્ત

સુરત

સુરત શહેરના મહિધરપુરા, લાલગેટ, શહેર અને રાંદેર અને સચીન પોલીસે ગઈકાલે બાતમીના આધારે જુદા જુદા છ સ્થળે રેડ કરી જુગાર રમતા કુલ ૩૮ લોકોને ઝડપી પાડયા હતા. જ્યારે મોબાઈલ અને રોકડ મળી કુલ રૂા. ૧,૩૩,૪૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહિધરપુરા પોલીસે ગઈકાલે બેગમપુરા, કોળીવાડ બાકડા પાસે ગંજીપાનો જુગાર રમતા વિમલ ઉર્ફે વિક્કી આંધળો સુરેશચંદ્ર જરીવાલા સહિત બે લોકોને ઝડપી પાડયા હતા તેમજ રોકડ મળી કુલ રૂા. ૧૩,૩૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. એજ રીતે મહિધરપુરા પોલીસે લીંબડી શેરીમાં પણ રેડ કરી હતી અને ઓટલા પર જુગાર રમતા રાકેશ જગદીશ રાણા સહિત પાંચને ઝડપી પાડયા હતા. તેમજ કુલ રૂા. ૧૦,૧૪૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

લાલગેટ પોલીસે પણ ગઈકાલે બાતમી આધારે પાલિયા ગ્રાઉન્ડ, તાપી નદીના પાળાની બાજુમાં જુગાર રમતા અલતાફ હુશેન મિસ્ત્રી સહિત ૯ લોકોને કુલ રૂા. ૧૮,૯૦૦ની મતા સાથે ઝડપી પાડયા હતા. આ રેડ બાદ હોપપુલની નીચે નદીના પાળા પર જુગાર રમતા મગબુલ મંજૂર શેખ સહિત ત્રણને ઝડપી પાડયા હતા. જ્યારે ત્રણ ભાગવામાં સફળ થયા હતા. આ ઉપરાંત પોલીસે કુલ રૂા. ૧૪૭૫નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સચીન પોલીસે ગઈકાલે શાલીમાર ફાટકથી ઉમીદનગર જવાના રસ્તા પર ખુલ્લી જગ્યામાં જુગાર રમતા વેપારી યાસીન ખાન યુનુસખાન વેપારી સહિત ૧૨ લોકોને ઝડપી પાડયા હતા અને કુલ રૂા. ૪૭,૨૭૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે રાંદેર પોલીસે રાંદેર ટાઉન હિન્દુ કુંભારવાડ ઘર નં. બ/૨૧૪માં ધમધમતા જુગારના અડ્ડા પર રેડ કરી જુગાર રમતા કેસર શોયેબ જીવા સહિત સાત લોકોને ઝડપી પાડયા હતા તેમજ કુલ રૂા. ૨૮,૯૬૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



તંત્રી સ્થાનેથી...

ગેરકાયદે નિર્માણ કામો

હિમાચલપ્રદેશના કસૌલીમાં થોડાક સમય પહેલા મહિલા અધિકારીની ગોળી મારીને હત્યા કરવાના મામલે સુનાવણી વેળા ગેરકાયદે નિર્માણને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી દેશના દરેક રાજ્ય માટે બોધપાઠ સમાન છે. બેંચે કહ્યુ છે કે ગેરકાયદે નિર્માણને કાયદેસર કરવાથી નિયમ અને કાયદાને પાળતા લોકોને નિરાશા થાય છે. સુપ્રીમ કોર્ટને આ બાબતને લઈને ભલે આશ્ચર્ય થયુ હોય કે બે માળની મંજુરી મળ્યા બાદ તેના પર છ માળ બની જાય છે. સાથે સાથે આની કોઈને ખબર પણ પડતી નથી. પરંતુ આવી અરાજકતા દરેક રાજ્યના દરેક શહેરમાં માર્ગો પર જ તેને પડકાર ફેંકે છે. નેતાઓ અને અધિકારીઓની મિલીભગતના કારણે ગેરકાયદે નિર્માણની કામગીરી હવે દેશના મોટા ભાગના રાજ્યોમાં ચાલી રહી છે. એકલા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તિસગઢમાં દર વર્ષે સેંકડો ગેરકાયદે વેપારી માળખા તૈયાર કરી લેવામાં આવે છે. સેંકડો ગેરકાયદે કોલોની બનાવી દેવામાં આવે છે. સરકારો પણ આ મામલે નજીવી ચાર્જ તરીકેની રકમ વસુલ કરીને તેમને કાયદેસર બનાવી દે છે. દરેક રાજકીય પક્ષોને ગેરકાયદે કોલોની નોટ અને વોટ માટે નર્સરી તરીકે નજરે પડે છે. ચૂંટણી નજીક આવતાની સાથે જ આવી કૃપા વરસાવવા માટેની શરૂઆત થઈ જાય છે. સરકાર આને જનસેવા તરીકે ગણાવીને લોકપ્રિયતા મેળવી લેવા માટેના પ્રયાસ કરે છે. સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતામાં કેટલીક બાબતો સ્પષ્ટપણે દેખાઈ છે. સુપ્રીમ કોર્ટની ચિંતા અને નિયમો અને કાયદા પર ચાલનાર લોકોની ભાવના ચૂંટણી ડોનેશનમાં દબાઈ જાય છે. આ પ્રકારની ગતિવિધીમાં સામેલ રહેલા લોકોના હાથ કાયદા કરતા પણ વધારે લાંબા થઈ ગયા છે. આનો અંદાજ માસ્ટર પ્લાન લાગુ કરવા માટે રહેલા અધિકારીઓની ભૂમિકાથી સ્પષ્ટ થઈ જાય છે. રાજસ્થાનમાં માસ્ટર પ્લાન લાગુ કરાવવાના મામલે સુપ્રીમ કોર્ટના કઠોર વલણ છતાં રાજ્ય સરકાર તેના અમલીકરણ આડે અડચણો ઉભી કરી રહી છે. આ ગઠજોડના હિસ્સેદારોની ઓળખ કરવા માટે પુરતી બાબત છે. હિમાચલપ્રદેશના રિસોર્ટના મામલે સુપ્રીમ કોર્ટની ઈચ્છા મુજબ જો દરેક રાજ્યમાં ગેરકાયદે નિર્માણમાં લાંચ રૂશ્વતના મામલે તપાસ હાથ ધરવામાં આવે તો કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી શકે છે. આ મામલે જો તપાસ કરવામાં આવે તો તમામ મોટા નેતા, અધિકારીઓ અને કારોબારીઓ જેલમાં નજરે પડી શકે છે. જેથી એક બાબત તો નક્કી છે કે કોઈ પણ સરકાર તો પોતે આવુ કોઈ કામ કરશે નહી. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટને પોતે જ ગંભીરતા દર્શાવી આમાં પહેલ કરવી પડશે. જો આવુ કોઈ કામ કરવામાં નહીં આવે તો ચાલે છે તેવી વૃતિનો નિકાલ આવશે નહી. દરેક રાજકીય પાર્ટીને ગેરકાયદે કોલોની અને સોસાયટી નોટ અને વોટની નર્સરી નજરે પડી શકે છે તે બાબત યોગ્ય છે. ગેરકાયદે નિર્માણમાં હિસ્સેદાર કોણ છે તે બાબતને લઈને સતત પ્રશ્નો થઈ રહ્યા છે. રાજકીય પક્ષો અને અધિકારીઓ વચ્ચે ગેરકાયદે નિર્માણમાં સંડોવણી હોય છે.

ગેરકાયદે નિર્માણને લઈ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલી ટિપ્પણી તમામ માટે ઉપયોગી

વેજ ડાયટ તમામ માટે યોગ્ય

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વેજિટેરિયન ડાઈટ કિડની માટે ખૂબ જ મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. કિડનીના રોગના દર્દીઓને ઘણી તકલીફથી વેજિટેરિયન ડાઈટ બચાવી શકે છે અને મદદરૂપ થઈ શકે છે. વેજિટેરિયન ડાઈટના મામલામાં અગાઉ પણ ઘણા અભ્યાસ થઈ ચૂક્યા છે જે ઘણા યોગ્ય તારણો આપે છે. શરીરમાં ફોસ્ફરસના ટોક્સીક પ્રમાણને ઘટાડવામાં વેજિટેરિયન ડાઈટ ઉપયોગી સાબિત થાય છે. કિડની રોગના દર્દીઓને ફોસ્ફરસના હિસ્સાને મર્યાદિત રાખવાની સલાહ હંમેશા આપવામાં આવે છે. કારણ કે મિનરલના ઊંચા સ્તરથી હાર્ટએટેક થવાનો ખતરો વધી જાય છે. મોતનું સંકટ પણ રહે છે. કિડનીના રોગ સાથે ગ્રસ્ત દર્દીઓ માટે ઓછા ફોસ્ફરસના ડાઈટને જાળવી રાખવાની સલાહ મેડિકલ માર્ગદર્શિકામાં આપવામાં આવી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં ઘણી મહત્વપૂર્ણ વિગતો સપાટી પર આવી છે. અમેરિકામાં ઈન્ડિયાના યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિનમાં જાણકાર નિષ્ણાંત અને આ અભ્યાસ સાથે સંકળાયેલા સેરોન મોઈએ કહ્યું છે કે કિડની સાથે ગ્રસ્ત નવ દર્દીઓમાં ફોસ્ફરસના પ્રમાણ અંગે વેજિટેરિયન અને માંસ આધારિત ડાઈટની અસર પર અભ્યાસને ધ્યાનમાં લઈને તારણો આપવામાં આવ્યા છે. દર્દીઓને એક સમાહ સુધી વેજિટેરિયન અથવા તો માંસ આધારિત ડાઈટ અનુસરવા કહેવામાં આવ્યું હતું. આ ડાઈટ બાદ બંને ડાઈટ લેનાર લોકોના બ્લડ અને યુરિન સેમ્પલોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. પ્રોટીન અને ફોસ્ફરસનું પ્રમાણ બંને ડાઈટમાં છે પરંતુ પરિણામમાં ઘણી મહત્વની વિગતો જાણવા મળી હતી. સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે તેમના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ડાઈટમાં પ્રોટીનનું પ્રમાણ કિડની સાથે ગ્રસ્ત દર્દીઓમાં ફોસ્ફરસના સ્તર પર મહત્વપૂર્ણ અસર કરે છે. ક્લીનીકલ જર્નલ ઓફ અમેરિકન સોસાયટી નેફ્રોલોજીના નવા ઈસ્યુમા આ મુજબની વાત કરવામાં આવી છે.


પરીક્ષાનો માહોલ હવે જામી રહ્યો છે : વાલીઓની પણ કસોટી છે...

પરીક્ષા ટેન્શનમુક્ત રહે તે ખુબ જરૂરી

બાળકો દબાણમુક્ત થઈને અભ્યાસ કરે તે જરૂરી : સ્પર્ધાના યુગમાં શિક્ષણ રોજગારલક્ષી બને તે ખુબ જરૂરી હોવાનો નિષ્ણાંતોનો મત

દેશના મોટા ભાગના વિસ્તારોમાં બોર્ડ પરીક્ષા હવે શરૂ થઈ રહી છે. કેટલાક રાજ્યોમાં પરીક્ષા શરૂ થઈ ચુકી છે. આવી સ્થિતીમાં પરીક્ષા ટેન્શનમુક્ત રહે તે જરૂરી છે. આના માટે ઘરમાં માહોલને પણ સાનુકુળ રાખવામાં આવે તે જરૂરી છે. શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને ખુબ શાંતિપૂર્ણ રીતે અને કોઇ ભય વગર તૈયારી કરવા પર ધ્યાન આપે તે જરૂરી છે.પરીક્ષાના ગાળા દરમિયાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવામાં આવે તે જરૂરી છે. તેમના ટાઇમ ટેબલ પર વાલીઓ ખાસ ધ્યાન આપે તે જરૂરી છે. પરીક્ષા અને શિક્ષણ કોઇ પણ રીતે બોજ અને ટોર્ચર સમાન ન બને તે માટે વર્ષોથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ જ્યારે પણ કોઇ મોટી પરીક્ષા અને તેના પરિણામ જાહેર કરવામાં આવે છે ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યાના બનાવો બને છે. ગયા વર્ષે પણ ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ દિલ્હીમાં ત્રણ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી હતી. દેશભરમાં મોટી સંખ્યામાં અન્ય વિદ્યાર્થીઓ પણ ઓછા નંબર આવવાના કારણે હતાશ થયા હતા. હકીકતમાં ગયા વર્ષે નવ વર્ષના લાંબા ગાળા બાદ ફરજિયાત પણે ૧૦માં ધોરણમાં બોર્ડની પરીક્ષાની વાપસી થઈ હતી. કદાચ આની જ અસર હેઠળ પાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હતો.

છેલ્લા છ વર્ષમાં પ્રથમ વખત દેશભરમાં દસમાં ધોરણનુ પરિણામ ૯૦ ટકાથી ઓછુ રહ્યુ હતુ. ગયા વર્ષે પરિણામ ૮૬.૭૦ ટકા રહ્યુ હતુ. જ્યારે વર્ષ ૨૦૧૭માં સીબીએસઈમાં ધોરણ-૧૦નુ પરિણામ ૯૩.૦૬ ટકા રહ્યુ હતુ. યાદ રાખવા જેવી ચીજ છે કે વર્ષ ૨૦૦૯-૧૦માં યુપીએ સરકારે દસમાંમાં બોર્ડની પરીક્ષાને વૈકલ્પિક બનાવી દીધી હતી. વિદ્યાર્થી બોર્ડમાં પરીક્ષા આપશે કે પછી સ્કુલમાં પરીક્ષા આપશે તે બાબત વિદ્યાર્થી પર છોડી દેવામાં આવી હતી. આનો ફાયદો એ થયો હતો કે મોટા ભાગના વિદ્યાર્થીઓ પોતાની સ્કુલમાં જ વધારે આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપતા હતા. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ આ દિશામાં વિચારણા શરૂ કરવામાં આવી હતી. મોદી સરકારે સ્કુલી પરીક્ષાને બાળકોના અભ્યાસ માટે નુકસાનકારક તરીકે ગણાવીને આ સુવિધા ખતમ કરી નાંખી હતી. સીબીએસઈમાં ધોરણ-૧૦ની પરીક્ષાને ફરજિયાત પણે બોર્ડની પરીક્ષામાં બદલી નાંખી હતી. જાણકાર શિક્ષણશાસ્ત્રી કહે છે કે દસમાં ધોરણની પરીક્ષા આપતી વેળા વિદ્યાર્થીઓ હમેંશા પોતાની લાઇફના સૌથી સંવેદનશીલ દોરમાં હોય છે. આજ વયમાં મન પર પડનાર અસહનીય દબાણ બાળકના જીવનને તહસ નહસ કરી શકે છે. જેથી પહેલા પણ દસમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા આત્મહત્યાની ઘટના વધારે બનતી હતી. જેથી તેમના પરથી બોર્ડનુ દબાણ ઘટાડી દેવામાં આવ્યુ હતુ. તેની પાછળ એવી આશા રાખવામાં આવી રહી હતી કે બાળકો દબાણમુક્ત થઈને અભ્યાસ કરશે. સાથે સાથે સારી રીતે અભ્યાસ કરી શકશે. એમ પણ ભારત જેવા દેશમાં ૧૦ ધોરણની પરીક્ષા પાસ કરવાને લઈને નોકરી મેળવી લેવા સુધીના સફર સુધી પહોંચી જવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ સંઘર્ષની શરૂઆત થોડાક વધુના સમયમાં થાય તો કોઈ નુકસાન નથી. હવે કેટલાક લોકો એવા અભિપ્રાય પણ ધરાવે છે કે ૧૪-૧૫ વર્ષની વયમાં તેમને ભાવિ સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આવી વિચારધારા ધરાવનાર નિષ્ણાંતો સીબીએસઈમાં બોર્ડની



પરીક્ષાને ફરજિયાત કરવામાં આવે તેની તરફેણ કરી રહ્યા હતા. આવી જ વિચારધારાનુ પરિણામ છે કે અમારી સમગ્ર પરિક્ષા પ્રણાલીમાં કોઈ પણ બાબત સિખવા, જ્ઞાન મેળવી લેવા જેવી ચીજ રહી નથી. બાળકને નાની વયથી જ અભ્યાસક્રમને રટી કાઢવા માટે કહેવામાં આવે છે. આ પ્રક્રિયા વહીવટી પરીક્ષાની વય નિકળી જવા સુધી જારી રહે છે. આ નવી પેઢી સાથે એક પ્રકારના અન્યાય સમાન છે. અભ્યાસને યંત્રણામાં બદલી નાંખવાના પ્રયાસ થવા જોઈએ નહી. બાળકોને અભ્યાસની મજા લેવા માટે તક મળે તે જરૂરી છે.

ધોરણ-૧૨માં આવી ગયા બાદ બાળકો થોડાક પરિપક્વ બની જાય છે. જેથી કેટલાક અંશ સુધી દબાણ ઝીલી લે છે. પરંતુ ધોરણ-૧૦માં ફેરવિચારણાની શક્યતા રાખવી જોઈએ.પરીક્ષા કોઇ પણ રીતે ટોર્ચર તરીકે ન બને તે જરૂરી છે. પરીક્ષાને ટેન્શનમુક્ત બનાવવા માટેની દલીલો વર્ષોથી કરવામાં આવી રહી છે અને આ દિશામાં પહેલ પણ થઈ ચુકી છે.

આકર્ષક, સ્લીમ અને ફિટ બોડી તમામને પસંદ પડે છે...

કમરને સ્લિમ- સેક્સી બનાવી શકાય



જ્યારે પેટ બહાર આવી જાય ત્યારે અમારી પર્સનાલિટીમાં પહેલા જેવી વાત રહી જતી નથીઃ સ્લીમ રહેવા કેટલાક તરીકા અજમાવી શકાય છે

આધુનિક સમયમાં આકર્ષક, સ્લીમ અને ફિટ શરીર તમામને પસંદ પડે છે. આ પ્રકારની બોડી પોતાને જ નહી બલ્કે અન્ય જોનાર લોકોને પણ પસંદ પડે છે. પરંતુ જ્યારે પેટ નિકળી જાય છે ત્યારે અમારી પર્સનાલિટી પહેલા જેવી રહી જતી નથી. પેટ બહાર આવી ગયા બાદ શરીર ખરાબ થવા લાગી જાય છે. ફિટનેસ બગડવા લાગી જાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વજન ક્યારેય એકાએક વધતુ નથી. પરંતુ ધીમે ધીમે પૂર્ણ શરીરમાં વધે છે. જ્યારે પેટ થોડાકમાં પણ બહાર નિકળવા લાગે ત્યારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જેથી ફિટનેસને જાળવી શકાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સ્થુળતા પોતાની સાથે હમેંશા બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ સહિતની બિમારીને લઈને આવે છે. સાથે સાથે પર્સનલ લાઈફ પણ ડિસ્ટર્બ થવા લાગે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લેવાની બાબત ઉપયોગી સાબિત થાય છે. સાથે સાથે ભુખ લાગે છે તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવાની જરૂર હોય છે. થાઈરાઈડ નિયમિત રીતે ચકાસી લેવાની પણ જરૂર રહે છે. સલાડનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો પણ સ્લીમ રહેવામાં મદદ મળે છે. કેટલાક યોગના આસન પણ ઉપયોગી સાબિત થાય છે. જેમાં સુર્યનમસ્કારનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકો અને સંશોધકો હવે એક એવી રિસ્ટબેન્ડ શોધી કાઢવામાં સફળ રહ્યા છે જે તમામ લોકોને સ્લીમ રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આધુનિક સમયમાં ભાગદોડની દુનિયામાં લોકોની લાઈફ સ્ટાઈલ ખૂબ જ વ્યસ્ત બની ગઈ છે. આવા સમયમાં લોકો જુદી જુદી તકલીફથી પરેશાન થયેલા છે. આ તમામ કારણોસર શરીર વધી જાય છે. સ્થૂળતાથી લોકો ગ્રસ્ત થયેલા છે. આવા સમયમાં ડાયટીંગ ઉપર લોકો ધ્યાન આપતા થયા છે. સવારે નિયમિતપણે કસરત અને જુદા જુદા પ્રકારના ડાઈટ લેવાનું લોકો પસંદ કરે છે. હવે રિસર્ચ સંશોધકોએ એક એવા બ્રેસલેટની શોધ કરી છે જે સ્લીમ રાખવામાં તથા વજનને કાબૂમાં રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ બ્રેસલેટ વજનને ખૂબ જ આરોગ્યના તરીકાથી ઘટાડશે. અપ બ્રેસલેટ કોઈપણ વ્યક્તિને વધુ સંતુલિત લાઈફ સ્ટાઈલ આપવામાં મદદરૂપ બનશે. હાથમાં બાંધવામાં આવનાર આ બ્રેસલેટ યુઝરની ખાવાની પ્રવૃત્તિ, તેની ટેવ, ઊંઘવાની ટેવ અને અન્ય તમામ એક્ટિવીટી ઉપર નજર રાખશે. આ વિશેષ પ્રકારના સાધનથી લોકોને આધુનિક સમયમાં મદદ મળશે. બ્રિટનના લોકપ્રિય અખબાર ડેલી મેલે સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે આ બ્રેસલેટ ઊંઘની અછત ધરાવતા લોકો માટે જરૂરી સૂચન અને સંકેત પણ કરી શકશે. ઈતિહાસમાં પ્રથમ વખત લાઈફ સ્ટાઈલ રોગને રોકવામાં પણ મદદ મળશે. હાથમાં બાંધવામાં આવનાર આ રિસ્ટ બેન્ડ અથવા તો બ્રેસલેટની કિંમત હજુ સુધી જારી કરવામાં આવી નથી પરંતુ કહેવામાં આવ્યું છે કે આની કિંમત તમામ લોકોને પોસાય તેવી રાખવામાં આવશે. જુદા જુદા કલરોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે પણ આ બેન્ડ ઉપલબ્ધ રહેશે. જુદા જુદા રંગના બેન્ડ લોકો પોતાની વસ્ત્રોની પસંદગી મુજબ પહેરી શકશે.તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફ્લેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ગટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. હાઇ ફેટ ડાઇટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ઘણો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઇચ્છીત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઇ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. આસામના જોરહાટ વિસ્તારમાં ટી રિસર્ચ એસોશીએશનના વૈજ્ઞાનિક દેવાજીત બોર્થકુરે કહ્યું છે કે જ્યારે ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે. તેમણે કહ્યું છે કે અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઇપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપે છે. જાપાનમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિકે કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે.

જીપીસીબીની નવી ઓફિસનું આજે વનમંત્રીનાં હસ્તે ભૂમિપૂજન

સુરત

ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની નવી ઓફિસ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આજે ૨૬ ફેબ્રુઆરીના રોજ પાંડેસરા જીઆઈડીસી ખાતે ઓફિસના બાંધકામનું ભૂમિપૂજન કરવામાં આવશે. વર્ષોથી ભાડાની દુકાનમાં ચાલતી હતી

દિલ્હીગેટ બેલ્જીયન સ્કવેરમાં વર્ષોથી જીપીસીબીની ઓફિસ ભાડાની દુકાનમાં ચાલી રહી હતી.આ ઓફિસના કર્મચારીઓને મોટાભાગે શહેરના છેવાડાના વિસ્તારોમાં આવેલી જીઆઈડીસી અને પ્રદૂષણ ફેલાવતી કંપનીઓ પર વોચ રાખવા માટે લાંબી મુસાફરી કરવી પડતી હતી. પાંડેસરા-સચીન-ઉધના વિસ્તારમાં સૌથી વધુ ફેક્ટરીઓ આવેલી છે. છેલ્લા લાંબા સમયથી જીપીસીબીની નવી કચેરી બનાવવા માટે આ વિસ્તારમાં જગ્યા શોધવામાં આવી રહી હતી. દરમિયાન જીપીસીબીને પાંડેસરા જીઆડીસીમાં જગ્યા ફાળવવા આવતા આજે વન મંત્રી ગણપત વસાવાના હસ્તે ભૂમિપૂજન કરવામા આવશે.

નવી જીપીસીબીની ઓફિસ ખાતે પ્રદૂષણ નિયંત્રણ કરવા માટે આધુનિક ઉપકરણો સાથેની લેબોરેટરી પણ બનાવવામાં આવશે. ફેક્ટરી વિરુદ્ધ પ્રદૂષણની ફરિયાદ બાદ લેવામાં આવેલા સેમ્પલોનું ચેકિંગ પણ સુરતની ઓફિસ ખાતે જ કરવામાં આવશે. પ્રદૂષણને લગતી તમામ ચેકિંગ કરવામાં આવશે.

રાંદેરમાં મહિલાના ગળામાંથી સોનાના મંગળસૂત્રની લૂંટ થઈ

સુરત

શહેરના પાલનપુર પાટિયા, દિન દયાળ સોસાયટીમાં ત્રાટકેલી બાઈકર્સ ગેંગ મહિલાના ગળામાંથી સોનાની ચેઈનનો અડધો ભાગ અને મંગળસૂત્ર મળી કુલ રૂા. ૭૫ હજારની મતા લૂંટી ફરાર થઈ ગઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાલનપુર પાટિયા સ્થિત દિનદયાળ સોસાયટીના મકાન નંબર ૨૭૭માં રહેતી ૨૮ વર્ષિય રૂબા પેંરયા સ્વામી પેરૂમલ નાડાર ગઈકાલે સવારે પોતાના ઘરના આંગણામાં ઊભા હતા. દરમિયાન ત્યાં બાઈક પર આવેલા ૩૦થી ૩૫ વર્ષના અને જીન્સ પેન્ટ, શર્ટ પહેરેલા હેલ્મેટ ધારી બે અજાણ્યા રૂબાબેનના ગળામાં રહેલ રૂપિયા ૧૫ હજારની સોનાની ચેઈનનો અડધો ભાગ તથા રૂા. ૬૦,૦૦૦નું મંગળ સૂત્ર મળી કુલ રૂા. ૭૫,૦૦૦ની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે રૂબાબેન રાંદેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

વિધિના બહાને બે ઠગ ઘરમાં હાથફેરો કરી ફરાર

બન્ને કબાટમાંથી રૂા. ૩.૩૫ લાખના દાગીના તફડાવી ગયા

સુરત

''તમારો ધંધો સારો ચાલશે'' તેમ કહી વિધિના બહાને ઘરાં પ્રવેશેલા બે ઢોંગીઓ કબાટમાં રહેલા ઘરેણા અને રોકડ મળી કુલ રૂા. ૩.૩૫ લાખની મતાનો હાથફેરો કરી ભાગી ગયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અલથાણ ખાતે મહાવીર નગરમાં ગાયત્રી મંદિર પાસે રહેતા શૈલેષભાઈ વેલચંદ મહેતા મૂળ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના વતની છે.

ગઈ તારીખ ૨૩મીના રોજ કોસંબાના મુસ્લિમ મહોલ્લામાં રહેતા ઈસુ અહમદ શાહ અને અલીત નામના બે ઢોંગી શૈલેષભાઈના ઘરે ગયા હતા અને ''તમારો ધંધો સારો ચાલશે તે માટે વિધિ કરાવવી પડશે'' તેવું શૈલેષભાઈને જણાવ્યુ હતું અને એક કલાક શૈલેષભાઈને બહાર મોકલી તેમજ પત્ની સાથે અલીને પહેલા માળે પૂજા શરૂ કરી હતી. બીજી બાજુ નીચેની રૂમમાં બેઠેલા ઈસુ અહમદ શાહે કબાટમાં રહેલ સોનાની ચાર બંગડી કિ. રૂા. ૧.૫૦ લાખ, બે સોનાની ચેન કિ. રૂા. ૧.૦૫ લાખ રોકડ રૂપિયા ૮૦,૦૦૦ મળી કુલ રૂા. ૩,૩૫,૦૦૦ ચોરી લીધા હતા. બાદમાં બન્ને ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે શૈલેષભાઈ મહેતાએ ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

















માર્શલના વેઈટીંગ ઉમેદવારે આપઘાતનો પ્રયાસ કરતા ખળભળાટ

સુરત

માર્શલના વેઈટીંગ ઉમેદવારે કર્યો આપઘાતનો પ્રયાસ, ડિપ્રેશનમાં પીધુ ઝેર એક ઉમેદવારનું નામ વેઈટીંગ લિસ્ટમાં છે, તેણે સંતોષકારક જવાબ ન મળતા ડિપ્રેશનમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો

રાજ્યમાં લગભગ રોજ બરોજ આપગાતની ઘટનાઓ સામે આવતી હોય છે. કોઈને કોઈ માણસ, શારીરિક, આર્થિક કે માનસિક પરિસ્થિતિથી કંટાળી આપઘાતનું પગલું ભરતો હોય છે. આજે પણ આવી જ એક ઘટના સુરતથી સામે આવી છે. જેમાં સુરત મહાનગર પાલિકામાં માર્શલની પોસ્ટના વેઈટીંગ ઉમેદવારે આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરત મહાનગર પાલિકામાં માર્શલની જગ્યા પર ભરતી કરવામાં આવી હતી, જેમાં એક ઉમેદવારનું નામ વેઈટીંગ લિસ્ટમાં છે, તેણે સંતોષકારક જવાબ ન મળતા ડિપ્રેશનમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો છે.

વિગતે ઘટના જોઈએ તો, થોડી સમય પહેલા સુરત માહનગર પાલિકા દ્વારા માર્શલની પોસ્ટ માટે ભરતી પ્રક્રિયા યોજવામાં આવી હતી, જેમાં આ ઉમેદવાર પ્રવિણ રણજીત પવાર, જેનો વેઈટીંગમાં ૪૬૨મો નંબર હતો. જે નોકરી માટે મહાનગર પાલિકાના કેટલાએ સમયથી ધક્કા ખાઈ રહ્યો હતો, પરંતુ સંતોષકારક કોઈ પણ પ્રકારનો જવાબ ન મળતા તેણે ડિપ્રેશનમાં આવી ઘેરી દવા ગટગટાવી આપગાતનો પ્રયાસ કર્યો છે.

આ ઘટના બાદ મહાનગરપાલિકામાં થયેલી આ ભરતીમાં વેઈટીંગ લીસ્ટના કેટલાક ઉમેદવારોને લાંચ લઈ નોકરી આપી દીધી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે, જોકે, આ મુદ્દે કોઈ પુષ્ટી કરવામાં નથી આવી, પરંતુ આ પ્રકારની વાતો ફેલાઈ રહી છે. આ બાજુ સૂત્રો એવું પણ કહી રહ્યા છે કે, આ યુવાને પણ પૈસા આપી નોકરી માટે પ્રયત્ન હાથ ધર્યો હતો, પરંતુ બાદમાં સંતોષકારક જવાબ ન મળવાથી તેણે ડિપ્રેશનમાં આવી આ પગલું ભર્યું છે.

ડાંગ દરબારના આયોજન વ્યવસ્થા અંગે જુદી જુદી સમિતિઓની રચના

માજી રાજવીઓ તથા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક મળી

આહવા

ડાંગ જિલ્લાનો ભાતિગળ લોકમેળો તેની પૂર્ણ આન, બાન અને શાન સાથે યોજાઈ તે માટે રચાયેલી જુદી જુદી સમિતિઓના અમલીકરણ અધિકારીઓને પૂર્ણ તકેદારી તથા ચોક્સાઇ સાથે તેમની કામગીરી કરવાની સૂચના ડાંગ કલેક્ટર એન.કે.ડામોરે આપી છે.

હોળી/ધૂળેટીના તહેવારો સમીપે ડાંગ જિલ્લાના મુખ્ય વહિવટી મથક આહવા ખાતે યોજાતા ડાંગ જિલ્લાના આ ભાતિગળ લોકમેળાની ભવ્ય ઉજવણી કરી શકાય તે માટે સૌને તેમનું શ્રેષ્ઠ યોગદાન આપવાની હિમાયત કરતા કલેક્ટર શ્રી ડામોરે માન.રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીની ઉપસ્થિતિમાં યોજાનારા ડાંગ દરબારના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સમયબદ્ધ આયોજન કરવા સાથે, દરરોજ સાંજે યોજાનારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ સૂક્ષ્મ આયોજન ઘડી કાઢવાની સંબંધિત સમિતિઓને સૂચના આપી હતી.

બેઠકમાં ગેરહાજર રહેલા અધિકારીઓ સામે લાલ આંખ કરતા કલેક્ટર શ્રી એન.કે.ડામોરે ડાંગ દરબારના આ ઐતિહાસિક લોકમેળા દરમિયાન ડાંગના માજી રાજવીઓ તથા તેમના ભાઉબંધોને ચુકવાતા પોલિટિકલ પેન્શન સહિત મેળાનો આનંદ માણવા માટે રોજબરોજ આવતી હજ્જારોની જનમેદની માટે જરૂરી વાહન વ્યવહાર, પાર્કિંગ, તબીબી સારવાર અને ૧૦૮ની સેવા, ગ્રામીણ/ઘરેલુ ઉત્પાદનો માટેના સ્ટોલ્સ/હાટ બજાર, જુદી જુદી સરકારી કચેરીઓના પ્રદર્શન સ્ટોલ્સ, વીજ પુરવઠો જેવા મુદ્દે પણ સંબંધિત અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી, ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું. સંભવતઃ આગામી તા.૧૬ થી ૧૯ માર્ચ, ૨૦૧૯ દરમિયાન યોજાનારા ડાંગ દરબારના ભવ્ય ભાતિગળ લોકમેળાનું ઉદ્‌ઘાટન માન.રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીની ઉપસ્થિતિમાં તા.૧૬/૩/૨૦૧૮નાં રોજ તેના નિયત સમયે કરાશે. ત્યારે ઉદ્‌ઘાટન સમારોહ સાથે કરવાની થતી આનુષાંગિક કામગીરી, વ્યવસ્થાઓ સંદર્ભે પણ કલેક્ટર શ્રી ડામોરે વિસ્તૃત ચર્ચા હાથ ધરી જરૂરી સૂચનો કર્યા હતા. ડાંગ દરબારના આયોજન અંગેની આ બેઠકમાં માજી રાજવીઓ સહિત જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયા, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી અગ્નિશ્વર વ્યાસ અને દેવેન્દ્રકુમાર ત્રિવેદી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી.આર.પટેલ સહિતના ઉચ્ચાધિકારીઓ, જુદી જુદી સમિતિઓના અમલીકરણ અધિકારીઓ અને સમિતિ સભ્યો સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.



















બોર્ડની પરીક્ષાનું કાઉન્ટ-ડાઉન શરૂ થયુ, આજે નાનપુરા સ્થિત ટી. એન્ડ ટી.વી. સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓની હોલ ટિકિટ લેવા માટે શાળાના કર્મચારીઓ લાઈનમાં લાગી ગયા હતા.

ઉધનામાં ઉછીના નાણાં નહીં અપાતા યુવક પર હુમલો થયો

રિક્ષા ડ્રાઇવર સહિત ચાર હુમલાખોર ફરાર

સુરત

ઉધના રેલવે સ્ટેશનની સામે ચાની લારી પાસે ઉધાર પૈસા નહીં આપનાર યુવક પર હુમલો કરી રિક્ષા ચાલક સહિતની ટોળકી ભાગી ગઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયતના રતનચોક સાંઈબાબા મંદિરની બાજુમાં આવેલા આવેલા વાણીયાના મકાનમાં રહેતા હર્ષલ સુનિલભાઈ પાટીલ રિક્ષા ડ્રાઈવર તરીકે પરિવારનું પેટિયું રળે છે. હર્ષલ ગઈકાલે ઉધના રેલવે સ્ટેશનની સામે ચાની લારી પર ઊભો હતો ત્યારે રવિ ઉર્ફે ચીરો રહે. ગોડાદરા આસપાસ નગર બે ત્રણ હજાર રૂપિયા ઉધાર માગ્યા હતા પણ હર્ષલ ઉછીના પૈસા આપવાની ના પાડતા રવિ ઉર્ફે ચીરો તેની સાથેનો રિક્ષા ચાલક અને અન્ય બે અજાણ્યાઓએ હર્ષલ પર લોખંડના સળિયા વડે હુમલો કરી ગંભીર ઈજા કરી હતી. અને બાદમાં ફરાર થઈ ગયા હતા. હુમલાના બનાવ અંગે હર્ષલ પાટીલે ઉધના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

અમદાવાદના વેપારીઓએ સુરતના વેપારીને ચૂનો ચોપડ્યો

સુરત

અમદાવાદના વેપારી ઓએ સુરતના વેપારી પાસેથી ડ્રેસ મટીરિયલ્સનો માલ મંગાવી રૂા. ૧,૫૭,૮૫૯ની ઠગાઈ કરી હતી.

સલાબતનપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સિટીલાઈટ ભગવતીમાં રહેતા વેપારી લખણલાલ વાસુદેવે આરોપી મહેશ જોખી આર.બી. ટ્રેડર્સ, આદેશ્વર ટેક્ષટાઈલ્સ, અને ચાર મોબાઈલ ધારકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ કાવત્રુ રચી ફરિયાદીને ખોટા રેફરન્સ આપી રૂા. ૧,૫૭,૮૫૯ની કિંમતનો ડ્રેસ મટીરિયલનો માલ મંગાવી માલના પૈસા૨ નહીં ચૂકવી વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

પાર્ટ અને ફુલટાઈમ બાઈકર્સ માટે ભરતી મેળાનું આયોજન

સુરત

મદદનીશ નિયામક રોજગાર કચેરી સુરત-મોડલ કેરીયર સેન્ટર સુરત દ્વારા બેરોજગાર યુવાનો માટે ઓએલએ કંપનીમાં પાર્ટ ટાઈમ અને ફુલ ટાઈમ બાઈકર્સ માટે ભરતી મેળાનું આયોજન તા.૨૫-૨-૨૦૧૯ થી તા.૨૮-૨-૨૦૧૯ સુધી મોડલ કેરીયર સેન્ટર, સુરત એ.વી.ટી.એસ. બિલ્ડિંગ આઈ.ટી.આઈ. કેમ્પસ, મજુરાગેટ સુરત ખાતે સવારે ૧૦.૦૦ થી ૪.૦૦ સુધી કરવામાં આવેલ છે. જે અંગે વધુ માહિતી માટે ફોન નં.૦૨૬૧-૨૬૫૫૧૨૨ પર સંપર્ક કરવો, જે અંગે રોજગાર વાંચ્છુક યુવાનો માટે મદદનીશ નિયામક કચેરી સુરત દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

નવસારી જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાનનો પ્રારંભ

દંડક આર.સી. પટેલના હસ્તે અભિયાનનો પ્રારંભ થશે

નવસારી

રાજ્ય સરકારના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગર ઘ્વારા સતત બીજા વર્ષે પણ નવસારી જિલ્લામાં સુજલામ, સુફલામ જળ સંચય અભિયાન હાથ ધરાશે. નવસારી જિલ્લામાં તા.૨૫/૦૨/૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ગણદેવી તાલુકાના સરી બુજરંગ, લુસવાડા ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી આર.સી.પટેલના હસ્તે જળસંચય અભિયાનનો પ્રારંભ કરાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલ ઉપસ્થિત રહેશે.

















ADMISSION OPEN
JYOTI CLASSIS
STD 5 TO 10 STD 11 TO 12 COMMERCE & SCIENCE
Add : INOX, ZADESHWAR, 9898383083-9228177852
SCIENCE SUB. MATHS, (NIMIT SIR)
CHEMISTRY (PURAV TALAVIYA) EXP. 10 YRS.
BIOLOGY (RANA SIR) EXP. 30 YRS.
PHYSICS (K.P. SIR) EXP. 30 YRS.
COMMERCE
- ACCOUNT - ECO - B.A.
- STATE - ENGLISH

બળાત્કાર કેસમાં દિગમ્બર જૈન મુનિ સામે તહોમતનામુ ફટકારશે

જૈન મુનિની જામીન અરજી એડમીશન સ્ટેજ પરથી સુપ્રીમ કોર્ટ ડીસમીસ કરી

સુરત

નાનપુરા ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે દિગમ્બર જૈન મુનિ દ્વારા કરવામાં આવેલા બળાત્કાર પ્રકરણમાં આજે જૈન મુનિ વિરુદ્ધ તહોમત નામુ ફટકારની શકયતાઓ રહેલી હોવાનું ફરિયાદીના એડવોકેટ મુખત્યાર શેખ અને યાહ્યા શેખે જણાવ્યું હતું. આ કેસની ટુંકી વિગતો એવી છે કે, નાનપુરા ટીંમલીયાવાડ ખાતે આવેલા દિગમ્બર જૈન મુનિ અને આરોપી શાંતિ સાગર મહારાજ વડોદરાની એક યુવતિ સાથે દિવાળી-૨૦૧૭ના દિવસો દરમિયાન બળાત્કાર ગુજાર્યો હતો. અઠવા પોલીસી મથકમાં પીડિતાએ બળાત્કારની ફરિયાદ નોંધાવતા પોલીસે તેની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ સાથે તે છેલ્લા ૨૦ મહિનાથી તેઓ લાજપોર જેલમાં છે. અઠવા પોલીસે તેના વિરુદ્ધ ચાર્જશીટ રજૂ કરી હતી. આ ચાર્જશીટમાં પોલીસે મજબૂત પુરાવાઓ રજૂ કર્યા હતા. આજે આ કેસની સુનાવણી દરમિયાન ચાર્જ ફ્રેમ થવા દિવસે આરોપી જૈન મુનિ કોર્ટ સમક્ષ બપોર સુધી હાજરન થયા હતા. આજે બપોર પછી તેના વિરુદ્ધ તહોમતનામું ફટકારવામાં આવે તેવી શક્યતાઓ હોવાનું પીડિતાના વકીલ મુખત્યાર શેખ જણાવ્યું હતુ. બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ અને વિરલ ચલીયાવાળા ઉપસ્થિત રહેશે.

સુરત

વડોદરાની એક યુવતિ સાથે નાનપુરા ટીમલીયાવડ ખાતે આવેલા દિગમ્બર જૈન ઉપાશ્રય ખાતે રહેતા દિગમ્બર જૈન મુનિ શાંતિ સાગર મહારાજે બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં સુરત કોર્ટે અને ગુજરાત હાઈકોર્ટે તેની જચામીન અરજી ફગાવી દીધા બાદ તેમણે તેમના એડવોકેટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં એક જામીન અરજી કરી હતી. પરંતુ આ જામીન અરજી એડમીશન સ્ટેજ પરથી સુપ્રીમ કોર્ટ કાઢી નાખી હોવાનું પીડિતાના એડવોકેટ મુખત્યાર શેખ તથા યાહ્યા શેખે જણાવ્યું હતું. આ કેસની વિગતો એવી છે કે વડોદરા ખાતે રહેતી અને અમદાવાદ ખાતે ફેશન ડિઝાઈનનો અભ્યાસ કરતી યુવતિ સાથેડ જૈન ઉપાશ્રય ખાતે બળાત્કાર આરોપી શાંતિ સાગર મહારાજે ગુજાર્યો હતો. પીડિતાએ અઠવા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે આઈપીસી-૩૭૬ મુજબનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યા હતા. આરોપી છેલ્લા ૧૫ થી વધુ મહિનાથી લાજપોર જેલમાં છે. પોલીસે તેમના વિરુદ્ધ ચાર્જશીટ પણ રજૂ કરી દીધી હતી. આરોપી શાંતિ સાગર મહારાજ દ્વારા સુરત કોર્ટમાં કરેલી જામીન અરજી સુનાવણીના અંતે ફગાવી દીધા બાદ તેમણે ગુજરાતી હાઈકોર્ટમાં એક રજૂ કરેલી જામીન અરજી વિદ્વાન જસ્ટિસે ફગાવી દીધી હતી. ત્યારબાદ તેમણે રજૂ કરી હતી. જેની સુનાવણી આજે હાથ ધરાઈ હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના વિદ્વાન જસ્ટિ રમણ અને મોહન એડમીશન સ્ટેજ પરથી ડીસમીસ (કાઢી નાખવી) કરી હોવાનું પીડિતાના એડવોકેટ મુખત્યાર શેખ તથા યાહ્યા શેખે જણાવ્યું હતું.

રોસાલીન લગાવો...ઘૂંટણનો દુખાવો ભગાવો
૧૯૨૫ થી આપની સેવામાં
ભાવસારનું આયુર્વેદિક રોસાલીન®
લીનીમેન્ટ (માલિશ તેલ)
વા, વાયુથી થતા એડી, પીંડી, ઘુંટણ, ગરદન, કમર, છાતીમાં કળ મારવી, સોજો તથા શારીરિક તેમજ દરેક જાતના સાંધાનાં દુઃખાવા માટે ભાવસાર રોસાલીન (માલિશ) તેલ અત્યંત ઉપયોગી.
રોસાલીન રહે જહાં, દર્દ ના રહે વહાં...
માથાનો દુખાવો અને શરીરની કળતર માટે ભાવસાર પેઈન બામ
ફ્રી 80ml પેક પર
દરેક મેડીકલ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ
ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી), ગુજરાત.
Customer Care : 02626 220015 - visit us : www.bhawsarayurveda.com - email: bhawsarjv@yahoo.com

ઓપન ઈન્ટર્વ્યુ
HDFC બેંકમાં કાયમી જોબ SLI ડીપાર્ટમેન્ટ (માઈક્રો ફાઈનાન્સ)
HDFC BANK We understand your world
હોદ્દો (પદ) : સેલ્સ ઓફિસર
લાયકાત : ગ્રેજ્યુએટ ફરજીયાત પગાર : ૧૨૦૦૦/-
Bhanu Pratap: 090747 09079 Daxesh Patel: 79909 88084 Harendra Singh: 7802041188
127, ALFA SOCIETY, LINK ROAD, BHARUCH

શેલ ઈડલી Parcel Point C.R. Chambers, Shital Circle, Bharuch.
Time : Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each
MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each
TUTIFUTI CHOCOCHIPS ORANGE CHOCOCHIPS STRAWBERRY CHOCOCHIPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each
PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભારતની સૌથી વિશ્વસનીય ઈલેકિટ્રક ટુ-વ્હીલર બ્રાંડ
HERO OPTIMA
OREVA
HERO FLASH
■ ઘરેથી ચાર્જ કરો ■ પેટ્રોલ નહિં, પ્રદુષણ નહિં
■ નો મેઈન્ટેનન્સ ■ સલામત ઝડપ, ચલાવવામાં સરળ
LITHIUM BATTERY ૩ વર્ષની વોરંટી
શ્રી શકિત ઓટો શ્રીજી કોમ્પ્લેક્ષ, હોટલ નર્મદા પાસે, ને.હા.નં.૮, ઝાડેશ્વર, ભરૂચ.
MO. 85111 54333 - 96012 63333

Podar Jumbo Kids
EYFS Early Years Foundation Stage British Curriculum
UK's Pre-School Curriculum
Playgroup, Nursery, Jr. KG, Sr. KG
Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning
Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

MS Touch Wood FURNITURE
ફકતને ફકત આધાર-કાર્ડ લાવો અને એકપણ રૂપિયો ચૂકવ્યા વગર ફર્નિચર વસાવો
0% ડાઉનપેમેન્ટ, વ્યાજ, ફાઈલયાર્જ, પ્રોસેસીંગ ચાર્જ BAJAJ FINSERV
ફેન્સી સોફા અને બેડરૂમ સેટની વિશાળ રેંજ
કન્યાદાન પેકેજ
બેડ (6X5) - કબાટ (3 ડોર)
ડ્રેસીંગ ટેબલ - ગાદલુ - ટીપોઈ
બે તકીયા - સોફાસેટ (3+2)
ડાઈનીંગ ટેબલ (૪ ચેર સાથે)
₹ 55,000/-
New Collection
એક જ ભાવ સૌથી સસ્તુ... સૌથી સારૂ... FIXED RATE
કન્યાદાન બેડરૂમ સેટ 24,999/-
સોફાસેટ કોર્નર 19,900/-
સોફાસેટ 3+2 સીટર 15,900/-
ડબલ બેડ 5X6 12,500/-
કબાટ 3 ડોર 12,500/-
કબાટ ૨ ડોર 9,900/-
ગણેશ બિલ્ડીંગ, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ
મો.૯૮૨૪૩૮૪૫૩૮
*Condition Apply

સુજલામ સુફલામ જળસંચય અભિયાન-૨૦૧૯

વલસાડ જિલ્લામાં તળાવો અને ચેકડેમો ઊંડા કરવાના ૬૦૭ કામો હાથ ધરાશે







૩૦૦ લાખ ઘનફૂટ જથ્થાનો જળસંગ્રહ શક્તિમાં વધારો થશે - આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે કોળીવાડ-મરોલી ખાતે શ્રમદાન કરી - વલસાડ જિલ્લામાં જળ સંચય કામગીરીનો શુભારંભ કરાવ્યો

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કોળીવાડ-મરોલી ખાતે શ્રમદાન કરી જિલ્લામાં સુજલામ સુફલામ જળસંચય યોજના અંતર્ગત થનારી કામગીરીનો શુભારંભ કરાવતાં વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. તળાવમાંથી નીકળેલી ફળદ્રુપ માટીનો જે તે ગામના ખેડૂતો પોતાના ખેતરમાં ઉપયોગ કરી શકશે.

મંત્રીશ્રીએ રાજ્ય સરકારની પ્રજાકલ્યાણ માટેની વિવિધ યોજનાની વિસ્તૃત જાણકારી આપી તેનો મહત્તમ લાભ લઈ પગભર બનવાની સાથે અન્યને પણ તેની જાણકારી આપી લાભ મળે તે માટે પ્રયાસ કરવા અનુરોધ કર્યો હતો. વિધવા પેન્શન, વૃદ્ધ પેન્શન, વીજમાફી યોજના, આયુષ્માન ભારત સહિતની વિકાસલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના માનવીને મળે તે માટે ગ્રામ્ય વિસ્તારના સેવાભાવી કાર્યકરો, જાગૃત નાગરિકો ગરીબોના કલ્યાણ માટેની યોજનાઓનો લાભ અપાવવામાં મદદરૂપ થાય તે જરૂરી હોવાનું પણ તેમણે વધમાં જણાવ્યું હતું. આશાવર્કરો પ્રત્યે સદભાવના રાખી તેમના માટે પણ ખાસ જોગવાઈ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના હેઠળ ૧૫ હજારથી ઓછી આવક ધરાવનાર ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવનાર વ્યક્તિ ઉંમર અનુસાર દર મહિને માત્ર ૫૫ થી ૨૦૦ રૂપિયાનું પ્રિમીયમ ભરશે તેને ૬૦ વર્ષની ઉંમર બાદ દર માસે રૂા.૩ હજાર પેન્શન મળશે. કિસાન સમ્માન નિધિ હેઠળ પાંચ હેક્ટર સુધી જમીન ધરાવનાર ખેડૂતોને ત્રણ તબક્કે ૬ હજાર રૂપિયા આપવામાં આવશે. મોટા શહેરોમાં ટ્રાફિક ભારણને હળવું કરવા માટે ફલાયઓવર બ્રીજ બનાવવાનું આયોજન કરવાની સાથે વિવિધ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં રૂા.૧૩૨૬.૪૧ લાખના ખર્ચે ૬૦૭ કામો કરવાનું આયોજન કરાયું છે. જેમા લોકભાગીદારીથી ૧૩૦ કામો, મનરેગા હેઠળ ૨૫૭, ડીપાર્ટમેન્ટલ ૧૫૩, તેમજ નગરપાલિકા વિસ્તારના ૪૮ કામોનો સમાવેશ થાય છે. મનરેગા હેઠળ ૧૬ તળાવો ઊંડા કરવા, ૬૨ ચેકડેમ ડીસીલ્ટિંગ અને પરંપરાગત જળસ્રોતો નવીનીકરણના કામો તેમજ ખેતતલાવડીના કામો હાથ ધરાશે. જિલ્લામાં ૧૭ જેટલા નવા તળાવો બનાવવા સહિત ચેકડેમ મરામતના ૭૯ કામો હાથ ધરાશે. આ ઉપરાંત વન વિસ્તારમાં વનતલાવડી, ચેકડેમ ડીસીલ્ટિંગ અને કન્ટુર સ્ટ્રેન્ચ મળી ૧૯ જેટલા કામો હાથ ધરાશે. જેના થકી ૩૦૦ લાખ ઘનફૂટ જથ્થાનો જળસંગ્રહ શક્તિમાં વધારો થશે અને તેમાંથી નીકળનાર માટી અને કાંપનો ઉપયોગ ખેડૂતો પોતાના ખેતરમાં તેમજ સરકારના અન્ય વિકાસના કામોમાં કરાશે. પાણીના જળસંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભ જળસ્તર ઊંચા આવવાથી ખેતીવાડી સહિત ઘરગથ્થુ ઉપયોગ માટે પણ ઉપયોગી નીવડશે.

વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે જળસંચય અભિયાનના શુભારંભ અવસરે સૌને આવકારી જિલ્લામાં થનારી કામગીરી અંગે જાણકારી આપી હતી. વલસાડ જિલ્લામાં રૂા.૧૩૨૬.૪૧ લાખના ખર્ચે ૬૦૭ કામો કરવાનું આયોજન કરાયું હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

સાંસદ ડો. કે.સી.પટેલે જળસંચય અભિયાનની સફળતા અંગે શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, ગત વર્ષે તળાવો ઊંડા કરવાથી પાણીના તળ ઊંચા આવ્યા છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને સહાય આપવા અને આવક બમણી કરવા લીધેલા ક્રાંતિકારી પગલાંઓની જાણકારી આપી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઈ, જળસંચય અભિયાનના નોડલ અધિકારી બી.એમ.પટેલ, દમણગંગા નહેર વિભાગના કાર્યપાલક ઈજનેર એમ.કે.ચૌધરી, કોળીવાડ સરપંચ સોનમબેન, જિલ્લા-તાલુકા પંચાયત સદસ્યો સહિત અમલીકરણ અધિકારી, ગ્રામજનો હાજર રહ્યા હતા.

વનમંત્રીનાં હસ્તે ૫૦ કરોડનાં ખર્ચે થનારી જવાહર નવોદય વિદ્યાલયનું ભૂમિપૂજન

સુરત

વન,આદિજાતિ અને પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સોમવારનાં રોજ માંગરોળના વાંકલ ખાતે માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શાળાકીય શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા રૂ.૫૦ કરોડના ખર્ચે સાકાર થનારી જવાહર નવોદય વિદ્યાલયનું ભૂમિપૂજન થયું હતું.

આ પ્રસંગે વાંકલ સ્થિત સરકારી વિનયન કોલેજ ગ્રાઉન્ડ ખાતે આયોજિત સમારોહમાં ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં વિશિષ્ટ પ્રકારનું શિક્ષણ આપતી જવાહર નવોદય વિદ્યાલયની કમી હતી. જેને ધ્યાને લઈ વડાપ્રધાનનાં નેતૃત્વમાં રાજયની કુલ ૭ નવોદય વિદ્યાલયોની મંજૂરી આપવામાં આવી છે, જેનાથી ગામડાઓમાં રહેતા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા નિખારવાની તક મળશે.''

તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ખાનગી કે સરકારી હેતુ માટે સરકારી જમીન નિઃશુલ્ક આપી ન શકાય તેવો નિયમ હાલમાં અમલી છે. પરંતુ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પ્રજાના વિશાળ હિતને ધ્યાને લઈ આદિવાસી વિસ્તારોના બાળકોના શિક્ષણના હેતુ માટે ખાસ કિસ્સામાં જમીન ફાળવવા મેં રજૂઆત કરી, જેના કારણે મુખ્યમંત્રીએ માત્ર વાંકલમાં જ નહીં, પરંતુ રાજયના સાત શહેરોમાં નવોદય વિદ્યાલયના નિર્માણ માટે નિઃશુલ્ક ૩૦ એકર જમીનની ફાળવણી કરી છે.વસાવાએ કહ્યું કે, આગામી શૈક્ષણિક સત્રથી ૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી વાંકલ નવોદય વિદ્યાલયમાં સી.બી.એસ.ઈ. લેવલનું શિક્ષણ આપવામાં આવશે.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ખેલમહાકુંભની ફલશ્રુતિરૂપે વર્ષ ૨૦૧૮માં એશિયન ગેમ્સમાં દક્ષિણ ગુજરાતની ડાંગની દોડવીર ખેલાડી સરિતા ગાયકવાડે ગોલ્ડ મેડલ જીતી દેશનું નામ રોશન કર્યું છે, રાજય સરકારના પ્રયાસોથી સરિતાને રૂ.૨.૫૦ કરોડની ઈનામી રાશિ અને વિદેશમાં મોકલી વિશ્વ કક્ષાની સર્વશ્રેષ્ઠ તાલીમ મળી શકે તેવી વ્યવસ્થા કરી છે.

વલસાડ કલેક્ટરે જિલ્લામાં પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજનાના આયોજન અંગે બેઠક યોજી

વલસાડ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અસંગઠિત કારીગરો માટેની પેન્શન યોજના પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના અમલી બનાવી છે. આ યોજનામાં ૧૫ હજારથી ઓછી આવક ધરાવનાર ૧૮ થી ૪૦ વર્ષની વય ધરાવનાર વ્યક્તિ ઉંમર અનુસાર દર મહિને માત્ર ૫૫ થી ૨૦૦ રૂપિયાનું પ્રિમીયમ ભરશે તેને ૬૦ વર્ષની ઉંમર બાદ દર માસે રૂા.૩ હજાર પેન્શન મળશે. ૧૮ વર્ષ વધુ ઉંમરના વ્યક્તિ માટે ઉંમર અનુસાર પ્રિમીયમની રકમ નક્કી કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા માટે આધારકાર્ડ, મોબાઈલ નંબર અને બેન્ક એકાઉન્ટ હોવું જરૂરી છે. આ અંગે વધુ જાણકારી નજીકના કોમન સર્વિસ સેન્ટરની મુલાકાત લઈ મેળવી શકાશે. વલસાડ કલેક્ટર સી.આર.ખરસાણે જિલ્લામાં માનધન યોજનાના આયોજન અંગે બેઠક યોજી જિલ્લામાં માનધન યોજના હેઠળના લાભાર્થીઓની યાદી તૈયાર કરી તેની એન્ટ્રી વેળાસર પૂર્ણ થાય તે પ્રકારનું આયોજન કરવા સંબંધિત અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું. લાભાર્થીઓના હિતને ધ્યાને લઈ દરેક નોડલ અધિકારી તેમની જવાબદારી નિભાવી વધુમાં વધુ રજિસ્ટ્રેશન થાય તે માટે ઝુંબેશના રૂપે કામગીરી કરાવવા જણાવ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, નિવાસી અધિક કલેક્ટર કલેશ બોર્ડર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, યોજના અમલીકરણ માટેના નોડલ અધિકારીઓ, ખેતીવાડી અધિકારી એમ.એમ.પટેલ વગેરે હાજર રહયા હતા.

ડાંગ જિલ્લામાં ૨૫ હજાર ૦૨૩ ખેડૂત પરિવારોને લાભાન્વિત કરાશે

૨૩મી ફેબ્રુઆરી સુધીમાં ૨૦,૭૦૮ લાભાર્થીઓની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરાઈ

આહવા

ખેતીપ્રધાન દેશ એવા ભારતના નાના તથા સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા સાથે તેમની આવક વધારવાના પ્રયાસરૂપે સંવેદનશીલ ભારત સરકારે સો ટકા કેન્દ્રિય પુરસ્કૃત યોજના એવી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અમલી બનાવી છે. જે ખેડૂતોને આર્થિક મદદની સાથે ખાનગી ધિરાણદારો દ્વારા વસુલાતા વ્યાજના વિષચક્રમાંથી પણ મુક્તિ અપાવશે, તેમ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરે આહવા ખાતે જણાવ્યું હતું.

પાત્રતા ધરાવતા ખેડૂતોને વર્ષેદાડે ત્રણ સરખા હપ્તામાં રૂા.૬ હજારની આર્થિક સહાય પુરી પાડતી આ યોજનાનો લાભ ડાંગ જિલ્લાના કુલ ૨૫ હજાર ૦૨૩ લાભાર્થી ખેડૂત પરિવારોને આપવાના લક્ષ્યાંક સામે તા.૨૩મી ફેબ્રુઆરી સુધી ૨૦ હજાર ૭૦૮ ખેડૂતોની ઓનલાઈન ડેટાએન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમ જણાવતા મંત્રી શ્રી પાટકરે હજી પણ જો કોઈ ખેડૂતો આ યોજનાનો લાભ લેવાથી વંચિત રહી ગયા હોય, તો તેમની ડેટાએન્ટ્રી વેળાસર નજીકની પંચાયતોમાં જઈને કરાવી શકે છે તેમ જણાવ્યું હતુ.રાજ્ય સરકારે ખેડૂતો માટે જારી કરેલી વીજ બીલ માફીની યોજનાને પણ આ યોજના સાથે સાંકળીને ખેડૂતોને લાભાન્વિત કરાશે તેમ પણ મંત્રી શ્રી પાટકરે વધુમાં ઉમર્યું હતું.

તા.૯મી ફેબ્રુઆરી, ૨૦૧૯થી જિલ્લામાં થયેલી ખેડૂતોની નોંધણીની કામગીરીની રૂપરેખા આપતા પ્રાસંગિક વક્તવ્યમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ છેલ્લા ૧૫ દિવસ જેટલા ટૂંકાગાળામાં આ યોજનાના લાભાર્થી પરિવારોની વ્યાખ્યા તથા પાત્રતા જેવી બાબતો ઉપર પ્રકાશ પાડ્યો હતો.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે આયોજિત જિલ્લા કક્ષાના પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમની સાથે સાથે વડાપ્રધાનશ્રીના મનકી બાત કાર્યક્રમનું પણ અહીં જીવંત પ્રસારણ કરાયુ હતું. સાથે સાથે ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતેથી વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના રાષ્ટ્રાર્પણ કાર્યક્રમનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

શ્રી અમદાવાદી ચાંપાનેરી ઘાંચી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને કીટનું વિતરણ

સુરત

કડોદરાના સામાજિક અગ્રણી જીગ્નેશભાઈ મોદી દ્વારા ગતરોજ શ્રી અમદાવાદી ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિ મંડળમાં રૂા.૬૧ હજારનું દાન તથા સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણકાર્ય માટે શુભેચ્છા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેથી સમાજના હોદેદારોએ તેમની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

સમાજના ઉત્કર્ષ માટે સતત ચિંતા વ્યક્ત કરતા જીગ્નેશભાઈ મોદી તેમના માતા શ્રી ગં.સ્વ. નયનાબેન સન્મુખલાલ મોદીના હસ્તે રૂા.૬૧૦૦૦નું દાન શ્રી અમદાવાદી ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિ વાડી ભણસાળી પોળ સુરતને આપવામાં આવેલ તથા જીગ્નેશભાઈ મોદી જેઓએ તેમના પરમ પૂજય પિતા શ્રી સ્વ. સન્મુખભાઈ નાનુભાઈ મોદી જેઓનું તા.૨૪-૨-૨૦૧૯ના રોજ જન્મ દિવસ નિમિત્તે સમાજના ધોરણ ૧૦અને ૧૨ના તમામ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં જળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરે અને સમાજના નામને રોશન કરે તેવી શુભેચ્છા સાથે શુભેચ્છા કીટનું વિતરણ કરેલ હતું જ્યારે બાકી વિદ્યાર્થીઓને શુભેચ્છા કીટ તા.૧ થી તા.૪-૩-૨૦૧૯ સુધી શ્રી અમદાવાદી ચાંપાનેરી ઘાંચી જ્ઞાતિ વાડી મંડળ ભણશાળી પોળ ખાતે મેળવી લેવા જણાવ્યું છે. જેથી કરીને આથી સમાજના પ્રમુખ વિજયભાઈ મેવાવાળા, સેક્રેટરી કિશોરભાઈ મેલ, ઉપપ્રમુખ અર્જુનભાઈ મોદી ખજાનચી મુકેશભાઈ સરૈયા તથા મહિલા ઉત્કર્ષ મંડળના પ્રમુખ જયશ્રીબેન મેવાવાલા તેમજ કડોદરાના સમાજના વડીલ ભૂપેન્દ્રભાઈ મોદી સહિત વગેરે હોદેદારો તેમની આ પ્રવૃત્તિ બિરદાવી આભાર વ્યક્ત કરેલ હતો.

વલસાડ જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જયાં રોજે - રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર તાત્કાલિક અસરથી તા. ૬/૩/૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

પાંડેસરામાં ચાલુ રિક્ષામાંથી યુવકને બહાર ખેંચી ચપ્પુના ઘા માર્યા

સંચા ખાતામાં નોકરી કરી ઘરે જતી વખતે હુમલો થયા

સુરત

પાંડેસરાના ગણપત નગરમાં બાઈક સવાર કેટલાક ઈસમોએ રિક્ષામાં મુસાફરી કરતા એક કિશોરને ચાલુ રિક્ષામાંથી નીચે ઉતારી ઘા મારી નાસી ગયા હતા. બિહારવાસી વિવેક પર થયેલા હુમલાની જાણ બાદ બચાવવા આવેલા મિત્રોને પણ હુમલાખોરોએ મારવા લેતા ભાગીને જીવ બચાવ્યો હોવાનું જણાવ્યું છે. જોકે, હુમલા પાછળનું કોઈ કારણ બહાર ન આવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સોની (ઈજાગ્રસ્ત વિવેકનો મિત્ર) એ જણાવ્યું હતું કે, હુમલાખોરો તમામ પાંડેસરા દેવેન્દ્ર નગરના રહેવાસી છે. ગલીના નાકે બેસીને ટપોરીગીરી કરતા રણજીત આણી મંડળીએ વિવેકને પતાવી દેવાના ઈરાદે જ હુમલો કર્યો છે. સંચાખાતામાં નાઈટ કરીને રિક્ષામાં ઘરે આવતા વિવેકને બાઈક સવાર હુમલાખોરોએ કેમ અમારી સામે જોઈ છે કહીં ચાલુ રિક્ષામાંથી ઉતારીને ચપ્પુના ઘા માર્યા હતા. લોહીમાં લોથપોથ જમીન પર પડેલા વિવેકને બચાવવા જતા હુમલાખોરો તેમની ઉપર પણ તૂટી પડ્યા હતા. હાલ વિવેકની હાલત સામાન્ય કહીં શકાય છે. આ બનાવ અંગે પાંડેસરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજપીપળા નગરપાલિકા સહિત સમગ્ર ગુજરાતના વાલ્મિકી સફાઈ કામદારોની ૫ માર્ચથી હડતાલની ચીમકી

ગુજરાતના તમામ વાલ્મિકી સફાઈ કામદારો પોતાના અધિકાર માટે ૫ માર્ચથી હડતાલ પર ઉતરવા બાબતે ચીફ ઓફિસરને આવેદન આપ્યું



રાજપીપળા : રાજપીપળા નગરપાલિકા સહીત સમગ્ર ગુજરાતમાં વાલ્મિકી સફાઈ કામદારો એ હડતાલનું રણસીંગુ ફૂંકતા સરકારની ઊંઘ ઉડી ગઈ છે.

વાલ્મિકી સમાજ રાજપીપળા ના કાર્યકારી પ્રમુખ રોહિતભાઈ સોલંકી સહીત ના આગેવાનો અને કામદારોએ સોમવારે રાજપીપળા નગરપાલિકા ખાતે ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યાને આપેલા આવેદનમાં જણાવ્યું હતું કે વાલ્મિકી સમાજ ગુજરાતમાં સ્વચ્છતા રાખે છે અને નિષ્ઠા પૂર્વક સેવા કરે છે તેમ છતા સફાઈ કામદારોને હકક અધિકારથી વંચિત રાખવામાં આવે છે અને તમામ અલગ અલગ સંગઠનો દ્વારા આવેદનપત્ર આપવા છતાં આજદિન સુધી કોઈ ધ્યાન દોરવામાં આયું ની તો ના છુટકે ગુજરાતના તમામ સફાઈ કામદારો તા.૫/૩/૨૦૧૯ ના રોજ સફાઈ બંધ કરી હડતાળ ઉપર ઉતરવાના છીએ. તો સફાઈ કામદારોને માગણીઓ પર ધ્યાન આપવા ગુજરાતના તમામ વાલ્મિકી સંગઠનો અને સકાઈ કામદારો બે હાથ જોડીને નમ્ર વિનંતી કરીએ છીએ કે સકાઈ કામદારોને યોગ્ય ન્યાય આપશો તેમ આવેદનમાં જણાવ્યું હતું ત્યારે વાલ્મિકી સમાજે કરેલી માંગણીઓ માં આમતો કુલ ૧૩ માંગ કરાઈ છે જેમાં ગુજરાતની તમામ સરકારી કચેરીઓ અને સંસ્થાઓ તેમજ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં, ગ્રામ પંચાયતોમાં સફાઈ કામમાં કોન્ટ્રાકટ આપવામાં આવે છે તે કોન્ટ્રાકટ પધ્ધતિ રદ કરી આ સફાઈ કામદારોને કાયમી કરવા બાબત, ૧૬૨ નગર પાલિકાઓમાં વર્ષોથી રોજમદાર તરીકે સેવા બજાવતા સફાઈ કામદારોને કાયમી કરો, ૧૬૨ નગર પાલિકાઓમાં વર્ષોથી સકાઈ કામદાર તરીકે સેવા બજાવે છે તેમના માટે રોસ્ટર પ્રથા હોવી જોઈએ નહી તેમને સીધેસીધી ભરતી કરવી.સરકારનો પરિપત્ર ૨૦૦૭ નો તથા ૨૦૧૦ નો પરિપત્ર આજદીન સુધી અમલ કરવામાં આવ્યો નથી. તે અમલ કરવા સહિતની કુલ ૧૩ માંગણીઓ સાથે વાલ્મિકી સમાજ ગુજરાતની સાથે સાથે રાજપીપળા નગરપાલિકાના સફાઈ કામદારો એ પણ સોમવારે પાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યાને એક આવેદન પત્ર આપ્યું હતું.

જાંબુગોડા અભિયારણ માં કેમિકલ ખાલી કરવા માટે ૫ વ્યક્તિની વન વિભાગ દ્વારા ધરપકડ : મુખ્ય સૂત્રધાર ગુડ્ડુ ફરાર



અંકલેશ્વર

એક મહિના અગાઉ સંખેડા તાલુકા હદ માં અને જાંબુગોડા અભિયારણ હદ વિસ્તાર માં કેમિકલ ડ્રમો ભરેલ ટ્રક ને ખાલી થતી વખતે ગ્રામજનો એ પકડી પડેલ અને વન વિભાગ ને સુપ્રત કરેલ હતું જેની તપાસ વન વિભાગ દ્વારા ચાલતા વન વિભાગના RFO ફિરોઝ ખત્રી દ્વારા ટ્રક ના જુના મલિક, નવા મલિક, ટ્રાન્સપોર્ટર ,ડ્રાઈવર અને કેમિકલ ભરાવનાર અને ખાલી કરાવનાર એવા વડોદરા ના શાહ આલમ રહે. નવા યાર્ડ વડોદરા ની ધરપકડ કરવામાં આવી છે . અને કબૂલાત ના આધારે આ તપાસ નો રેલો અંકલેશ્વર સુધી પોહચ્યો છે. ડ્રાઈવર ના જણાવ્યા મુજબ આ કેમિકલ અંકલેશ્વર ના યોગી એસ્ટેટ ના પ્લોટ ન. ૧૭૩ માંથી ભરવામાં આવ્યું હતું. અને ભરાવનાર અંકલેશ્વર ના ગુડ્ડું રહેવાસી રોશન સોસાયટી અંકલેશ્વર મુખ્ય સૂત્રધાર હોવાનું જાણવા મળેલ છે અને એની તપાસ માટે વન વિભાગ ની ટિમ પોહનચતા એ હાલ ફરાર છે અને વન વિભાગે ગુડ્ડું ને પકડવા પોલીસ ની મદદ માંગતો પત્ર લખવામાં આવ્યો છે.

અગાઉ બે વ્યક્તિ ના મરણ બાબતે નો મુખ્ય સૂત્રધાર પણ અંકલેશ્વર ના હોવાનું કહેવામાં આવે છે. આમ કેમિકલ માફિયા ઓ માટે અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત પસન્દગી ની વસાહત બની છે.

હાલ ઉપરોક્ત તપાસ ચાલુ જ છે ત્યાં ગત રાત્રી એ ફરીથી એજ જાંબુગોડા અભિયારણ માં ૬૮ કેમિકલ ડ્રમો ખાલી કરી દેવામાં આવ્યા છે જેની તપાસ પણ ચાલુ થઈ છે જેમાં FSL અને જીપીસીપી મદદરૂપ થઇ રહ્યા છે.

સૂત્રો દ્વારા મળેલ માહિતી મુજબ ત્યાંના સ્થાનિક પત્રકાર ની સંડોવણી ની શકયતા અને ચર્ચા ચાલી રહી છે જે તપાસ પછી સાચી હકીકત ધ્યાને આવશે. હાલ રોજ રોજ ની બનતી આ ઘટનાઓ પર્યાવરણ માટે જોખમી છે. ટૂંકા ગાળા ના નફા અને ઓછા ખર્ચે વેસ્ટ ના નિકાલ કરવાની ગુનાહિત માનસિકતા નું આ પરિણામ છે.

વન્ય અભિયારણ માં આ વેસ્ટ ને નાખવામાં આવતા વન્ય પ્રાણીઓ ના મૃત્યુ થાય છે તેથી વન વિભાગ બહુ ગંભીરતા થી ગુનેહગારો ને શોધી કાર્યવાહી કરી રહેલ છે.

જેમાં (૧) મદારા યુનુસ અહેમદ મુ. પો. સાલીયા, તા. મોરવાહડફ (ગાડીના મુળ માલિક) (૨) મોહંમદ કાસીમ ઈબ્રાહીમ ભાગલીયા, મુસ્લિમ સોસાયટી, એસટી ડેપોની બાજુમાં, વેજલપુર રોડ, ગોધરા (ગાડી વેચાણ રાખનાર) (૩) ઈશાક અહેમદ જમાલ રહે. મુસ્લિમ સોસાયટી, એસટી ડેપોની બાજુમાં, વેજલપુર રોડ, ગોધરા (ટ્રાન્સપોર્ટર, દલાલ) (૪) શાહ આલમ નવી આલમ પઠાણ રહે, રસુલજીની ચાલ, નવાયાર્ડ છાણી જકાતનાકા, વડોદરા (કેમીકલ ભરાવનાર તથા અભ્યારણ્યમાં ખાલી કરાવવામાં ભૂમિકા ભજવનાર દલાલ) (૫) વિક્રમભાઈ કોયાભાઈ રહે. રતનપુર, મોટી કાંટડી, તા. જિ. ગોધરા, ટ્રકમાં કેમિકલ ભરાવનાર અને અભ્યારણ્યમાં ખાલી કરનાર ટ્રક ડ્રાઈવર

તાપી શુદ્ધિકરણ: ૯૭૩ કરોડનાં પ્રોજેક્ટને કેન્દ્રએ આપી લીલીઝંડી

સુરત

સુરતની તાપી નદીનાં શુદ્ધિકરણ માટેનો પ્રોજેક્ટ કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે મંજૂર કર્યો છે. ૨૧ કરોડનાં વધારા સાથે ૯૭૩ કરોડનાં પ્રોજેક્ટને મંજૂરી મળી છે. સુરતના મ્યુનિસિપલ કમિશનર એમ.થેનારાસને દિલ્હીમાં તાપીમાં પ્રવેશતું દૂષિત પાણી અટકાવી નદીને સ્વચ્છ રાખવાના માસ્ટર પ્લાનનું પ્રેઝન્ટેશન આપ્યું. તેમનાં પ્રેઝન્ટેશન બાદ પર્યાવરણ મંત્રાલયે એક પણ સવાલ પૂછ્યા વિના પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી.

તાપી નદીના ઉપરવાસમાથી ઠલવાતુ દુષિત પાણી અટકાવી નહિને સ્વચ્છ કરવા માટે પાલિકાએ રુ ૯૨૨ કરોડનો તાપી શુધ્ધિકરણનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો હતો. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર તરફથી સોમવારે લીલી ઝંડી મળી ગઈ છે. કેન્દ્રના માત્ર પર્યાવરણ મંત્રાલયની મંજૂરી લેવાની બાકી હતી. જેને આજે કેન્દ્ર સરકારની ગ્રાન્ટ માટે દિલ્હીમાં રજૂ કરાયો હતો. આજે મ્યુનિસિપલ કમિશનર એમ.થૈનારાસન અને સિટી ઈજનેર ભરત દલાલે રુ ૯૨૨ કરોડની યોજનાનું પ્રેઝન્ટેશન દિલ્હીમાં રજૂ કર્ય હતું.

ઉલ્લેખનીય છે કે, સુરત શહેરના લોકોને પીવાનુ પાણી પૂરી પાડતી તાપી નદીમા દરરોજ ૩૮ કરોડ લિટર દૂષિત પાણી ઠલવાય છે. છેલ્લા છ મહિનામાં પાલિકાએ વાલક અને વરાછા ખાડી ડાયવર્ટ કરવાની કામગીરી પૂરી કરી ૧૦૦ એમએલડી કરતા વધારે દૂષિત પાણીને ડાયવર્ટ કરવામા સફળતા મેળવી છે. તાપી નદીમા ખોલવડ, કામરેજ, અંબોલી, કઠોર ગામ, પાસોદરા, બૌધાન સહિતના વિસ્તારોમાથી ગટરનું દુષિત પાણી નદીમા ઠલવાય છે. ઉકાઈ ડેમમાથી નદીનું પાણી નીકળે ત્યારે તે શુદ્ધ હોય છે. પરંતુ સુરત સુધી પહોંચતા જ વચ્ચેના ગામોનું ગટરનુ પાણી ભળે છે. જેને કારણે પાણીની રો વોટર ક્વોલિટી ખરાબ થઈ ગઈ છે. પાલિકા ઉપરાત સુડા અને જિલ્લા પંચાયત વિસ્તારમા નદીને લગતી કામગીરી કરવાનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. આ યોજના પાછળ કુલ ૯૨૨ કરોડનો ખર્ચ થનાર છે. ત્યારે આ યોજનાને લઈ આજે દિલ્હીમાં મ્યુનિસિપલ કમિશનર એમ. થૈનારાસન અને સિટી ઈજનેર પ્રેઝન્ટેશન કરાયું હતું. લોકસભાની ચૂંટણી જાહેર થાય તે પહેલા તાપી શુધ્ધિકરણ યોજનાને મંજૂરી મળી જાય તેવી પૂરેપૂરી શકયતા તો હતી, જેને મંજૂરી મળી જતા હવે સુરત વચ્ચેથી પસાર થતી નદી શુદ્ધ થશે.

જુગારના રોકડા રૂપિયા ૨૧,૩૦૦/- નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી અંકલેશ્વર શહેર પોલીસ

ભરૂચ પોલીસ રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જીલ્લામાં પોહી/જુગારની અસામાજિક પ્રવૃતી ચલાવતા ઈશમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આધારે તથા નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર ડીવીઝનના માગદર્શન હેઠળ અંકલેશ્વર શહેર પો.સ્ટે વિસ્તારમાં અ.હે.કોન્સ દિનેશભાઈ માવજીભાઈ બ.નં-૮૨૦ ને મળેલ બાતમી આધારે નવા દિવા ગામે આવેલ શામજી ફળીયા પાછળ આવેલ બહેરી બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાળાનો જુગાર રમતા હોય જુગાર અંગેની રેડ કરતા હાજર ૭ આરોપી નં (૧) યોગેશભાઈ ઉર્ફે યોગો ગોપાલભાઈ વજ્ઞાવા રહે-નવા દિવા (૨) જીતુભાઈ રમેશભાઈ વજ્ઞાવા રહે-નવા દિવા (૩) ઠાકોરભાઈ છીતુભાઈ વગ્ગાવા રહે-નવા દિવા (૪) શશીકાંત ઉર્ફે શશી સુરેશભાઈ વાઘ રહે-આંબાવાડી અંકલેશ્વર શહેર (૫) અમીતકુમાર ઠાકોરભાઈ પટેલ રહે-હજાત મોટુ હળીયુ, (૬) મહેશ ઉર્ફે મુખરી રમેશભાઈ વસાવા રહે-આંબાવાડી અંકલેશ્વર (૭) વભીસ કિરણભાઈ પોમલા રહે-ભવા બોરભાઠા નાઓ પત્તાપાળા જુગાર રમતા મળી આવતા તેઓળી અંગ ઝડતી તથા દાવના રોકડા .રૂ.૨૧,૩૦૦ /- પતા-પાના રમવાના મુદામાલ જ્ઞાથે પકડાઈ ગયેલ જે તમામ આરોપીઓને અટક કરી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પુલ પરથી ૫૦ ફૂટ નીચે પટકાયેલા શિક્ષકનો ચમત્કારિક બચાવ

નવસારી

નવસારીના ચીખલી તાલુકાના હોન્ડ ગામે નદીના પુલ ઉપરથી ૫૦ ફૂટ નીચે પટકાયેલા બાઈક ચાલક બલવાડા ગામના શિક્ષક યુવાનનો ચમત્કારિક બચાવ થયો હતો. જોકે, હાથપગના ભાગે ઈજાઓ થતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે બલવાડા મંદિર ફળિયાના ૩૦ વર્ષીય અજય બુધાભાઈ નાયકા પટેલ વંકાલ ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.તેઓ રવિવારે બપોરેના સમયે બલવાડાથી ચીખલી જવા માટે મોટર સાઇકલ ઉપર નીકળ્યા હતા.

આ દરમિયાન નેશલ હાઈવે ઉપર હોન્ડ ગામ પાસે કાવેરી નદીના પુલ ઉપરથી અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેઓ હવામાં ફંગોળાયા બાદ પુલની પેરાપીટ એક હાથે પકડાઈ જતાં તેમણે મદદ માટે બૂમાબૂમ કરી હતી.

પરંતુ કોઈ વાહન ચાલક મદદે આવતા તેઓ પેરાપેટને પકડી રાખવામાં અસમર્થ રહેતા તેઓ અંદાજે ૫૦ ફૂટ નદીમાં નીચે પટકાયા હતા. તેઓ નદીમાં કાદવ અને લીલા ઘાસવાળી જગ્યામાં પટકાયા અને ત્યાં પથ્થરો ન હોવાથી તેમને માથાના ભાઈ ઈજા ન થતાં તેમનો ચમત્કારિક બચાવ થયો હતો.

નદીમાં તેઓ પટકાતા નદીમાં કપડાં ધોઈ રહેતી મહિલાની નજર પડતાં તેમણે જાણ કરતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં પહોંચી જતાં તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. અજયભાઈને પગ અને હાથના ભાગે ફ્રેક્ચર થતાં હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી.

પીકઅપ વાન પલટી ખાતા છ ઈજાગ્રસ્ત

ભરૂચ

ભરૂચમાં પીકઅપ વાન પલટી હોવાની ઘટના બની છે. આ ઘટનામાં પીકઅપ વાનમાં સવાર છ લોકોને નાની મોટી ઈજાઓ પહોંચી છે. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સદનસિબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. મળતી માહિતી પ્રમાણે ભરૂચમાં દહેજ માર્ગ ઉપર આજે સોમવારે પીકઅપ વાન કથી વધુ લોકોને લઈને પસાર થઈ રહી હતી. આ સમયે વાન ચાલકે અચાનક સ્ટેયરિંગ ઉપરથી કાબુ ગુમાવતા પીકઅપ વાન પલટી મારી ગઈ હતી. જેના પગલે પીકઅપ વાનમાં સવાર છથી વધુ લોકોને ઈજાઓ પહોંચી હતી. જેમને ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી જનરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ઘટનાની જાણ થતાં સ્વજનો પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. સદનસિબે આ ઘટનામાં કોઈ જાનહાનિ પહોંચી નથી.





